# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર—૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| ભક્તની અવસ્થા | મહાત્મા યોગેશ્વરજી | ૪ |
| ‘મા’ સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય | પ્રો.તરલા દેસાઈ | ૬ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૦ |
| દીપોત્સવી | નારાયણ હ. જાની | ૧૪ |
| નવા વર્ષમાં સત્કર્મ | નારાયણ હ. જાની | ૧૬ |
| પ્રેમ અને લાગણી ભર્યા સ્પર્શનો ચમત્કાર | ડૉ.આઈ.કે.વિજળીવાળા | ૨૦ |
| શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિ શું શક્ય છે? | જ્યોતિબહેન થાનકી | ૩૧ |
| પ્રલોભનોએ મન પર વિજય ના મેળવ્યો | કિશોર મકવાણા | ૩૬ |
| પ.પૂ.મા સર્વેશ્વરીનો જન્મોત્સવ | તંત્રી | ૪૦ |
| Dialogue with the Lord During Meditation | Jayadayal Goyandka | ૪૭ |
| પૂ.માની વિદેશ યાત્રા | મા શ્રી સર્વેશ્વરી | ૫૨ |
| ચૂપ સાધના–પ્રશ્નોત્તરી | સ્વામી રામસુખદાસજી | ૫૭ |
| શ્રી રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,

પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું **'અધ્યાત્મ'** માસિક અમને ૩૪ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

**શ્રી વિકાસ શાહ** **શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર**
**શ્રી અનિલભાઈ લાડ** **શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર**
**ટોરન્ટો, કેનેડા.**



# ભક્તની અવસ્થા

**–મહાત્મા યોગેશ્વરજી**

ભક્તિના રહસ્યનું જ્ઞાન થઈ જાય, પ્રભુના પ્રેમથી પાવન ને પરિપ્લાવિત થઈ જવાય, પછી ભક્તની અવસ્થા કેવી થઈ જાય છે? પ્રભુના મહિમાને જાણ્યા પછી ભક્ત પૂર્ણપણે પ્રભુમાં બંધાઈ જાય છે, ને દિવસરાત પ્રભુના જ સ્મરણમનનમાં સમય નિર્ગમન કરે છે. પ્રભુના ગુણાનુવાદનજ ગાઈગાઈ ને પ્રભુના પ્રેમરસમાં સ્નાન કરી ભક્ત કૃતાર્થ થઈ જાય છે, મસ્ત બની જાય છે, ને પ્રભુના જ પ્રેમનશામાં–પ્રભુની જ ઝંખનાના ઘેનમાં જીવ્યા કરે છે. ભક્તનું આ ભાવજગત અનોખું ને અનુપમ છે. પ્રભુ વિના બીજા કોઈનું યે સામ્રાજ્ય ત્યાં હોતું નથી. પ્રભુ જ માતા, પ્રભુ જ પિતા, ભાઈ બેન ને પ્રિયમાં પ્રિય પદાર્થ–ભક્તને માટે પ્રભુ જ સર્વ કાંઈ હોય છે. જગતના અન્ય પદાર્થોના મોહનો નાશ કરી, બીજી બધી જ આસક્તિને ફગાવી દઈ, ભક્ત પ્યારા પ્રભુમાં જ રાગ કરે છે, ને પ્રભુને જ પોતાના સાચા પ્રિય, સ્નેહી કે સ્વજન સમજે છે. તેની બધી જ પ્રવૃત્તિ એક પ્રભુને જ પ્રસન્ન કરવા, પામવાને પ્રભુની જ પાસે પહોંચવા માટે થતી હોય છે. ક્ષણેક્ષણનો ઉપયોગ તે આજ આદર્શને માટે કરે છે. તેના પવિત્ર દિલમાં રાતદિવસ પ્રભુ પ્રેમના ફુવારા ઉડ્યા કરે છે, જે કદિ બંધ થતા નથી, ને તેમાં જ તેને પરમ આનંદ તથા શાંતિનો અનુભવ થાય છે. શાંતિ કે આનંદ મેળવવા કોઈ બીજા પદાર્થનું શરણ તેને લેવું પડતું નથી.

ભક્તનો સ્વભાવ કેવો અનેરો હોય છે! વાસના ને દુષ્ટ

વિચારના તરંગો ભક્તના ચિત્તને ચંચલ કરતા નથીઃ તેથી પ્રસન્ન પુષ્પની જેમ ભક્ત સદાયે પ્રેમમગ્ન ને આનંદી રહે છેઃ સાગર જેમ સદાયે શાંત છતાં ઈશ્વરની આરાધના માટેના સતત પુરુષાર્થથી રંગાયેલો હોય છે.

ઈશ્વરની કૃપાનો વિચાર કરીને, ઈશ્વરના દિવ્ય મહિમાનો ખ્યાલ કરીને, ભક્ત ઈશ્વરી પ્રેમમાં ડૂબી જાય છે. માનવ શરીર જેવું સર્વશ્રેષ્ઠ શરીર આપવા બદલ તે ઈશ્વરનો આભાર માને છે, ને મુક્તિના દ્વાર જેવા માનવ જીવનનો બરાબર ઉપયોગ કરી ઈશ્વરદર્શન કરી લેવાની ઘડી તે ચૂકતો નથી. ઈશ્વરે રચેલી સૃષ્ટિનું નિરીક્ષણ કરી ઈશ્વરની અસીમ શક્તિનો તે ખ્યાલ કરે છે, ને દુઃખ તેમજ દરિદ્રતાથી મુક્ત થવા તેવાજ સમર્થ ઈશ્વરનું શરણ લેવાનો સંકલ્પ કરે છે. આવો ભક્ત શાંતિ ને આનંદનું ધામ બને એમાં શું આશ્ચર્ય છે. ઈશ્વર પોતે પૂર્ણ શાંતિ ને પૂર્ણ આનંદનું સ્વરૂપ છે. તેની પાસે પહોંચનાર ને પહોંચવાનો પ્રયાસ કરનાર સર્વ વત્તેઓછે અંશે તે સ્વરૂપથી રંગાય છે, તેવા સ્વરૂપવાળા બની જાય છે.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# 'મા' સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય

—પ્રો.તરલા દેસાઈ

પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરી વિશે કંઇ પણ લખવું કે બોલવું એ સૂર્ય સામે દીવો ધરવા જેવું, સાગરને અંજલિ અર્પવા જેવું છે. પણ પ્રેમની વાત ન્યારી છે. એમાં જે કંઇ—पत्रम् पुष्पम् फलम् तोयम्—પ્રેમપૂર્વક અપાય તો પ્રેમી એનાથી પ્રસન્ન જ થાય છે. પ્રેમ મામૂલીને મહામૂલું ગણી લે છે; એ શ્રદ્ધાથી આ સાહસ થઇ જાય છે.

અભિવ્યક્તિની કોઇ વિશિષ્ટતા દર્શાવવા નહીં પણ 'મા' એ જ સીંચેલું, વર્ષો અતિ સ્નેહથી સંક્રાન્ત કરેલું 'એક ભાવવિશ્વ' આપ સર્વને ધરી કૃતાર્થ થાઉં છું.

'"મા" સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય' પુસ્તિકા સર્વને એટલું જ કહેવા આવે છે કે, જે એક માટે શક્ય છે એ સર્વ માટે શક્ય છે. જરૂર છે અમીટ પ્રભુશ્રદ્ધાની અને પ્રખર પુરુષાર્થની.

'અધ્યાત્મની અગ્નિશિખા' શ્રી વિમલા ઠકારે કહ્યું જ છે : 'There is potential within each human being to be free, to grow into maturity, saintly wholeness to discover Truth and abiding peace.'—અને 'મા'એ એ સિદ્ધ કરી બતાવ્યું છે.

**'મા' તમે તો મીરાં!**

**देवं भूत्वा यजेत् देवं** એ ન્યાયે 'મા'ને ઓળખવા 'મા' થવું પડે. સ્વયં 'મા'એ પણ પોતાની રહસ્યમયતા અંગે કહ્યું છે : '"મા" જ 'મા'ને ક્યાં ઉકેલી શક્યાં છે?' જોકે, 'વણઊકલ્યાં

''મા''ની માલિકી પ્રભુની છે.' એમ કહી હંમેશની જેમ પ્રભુને ખો આપી દીધી છે. હવે 'મા' જેને પોતાના પરમ આરાધ્યપ્રભુ માને છે, એ અધ્યાત્મના અનસ્ત સૂર્ય શ્રી યોગેશ્વરે જ એક વાર કહેલું, '''મા'' તમે તો મીરાં! ભક્તિ પોતે!' આપણા માટે આ ઉદ્‌ગાર, આ પરિચય પર્યાપ્ત છે. જે જે જિજ્ઞાસુઓ–ભક્તો–સાધકો 'મા' સર્વેશ્વરીની સ્નેહસંનિધિ પામ્યા છે. 'મા'ના નિર્વ્યાજ, અહૈતુક પ્રેમમાં પ્રભુપ્રેમનો પ્રસ્તાર અનુભવી ચૂક્યાં છે; એ સર્વ 'જે પ્રેમ કરે એ મીરાં' એ સનાતન સત્યનો પ્રતિધ્વનિ 'મા'ના અસ્તિત્વમાંથી સહજ ઊઠતો સીધો સાંભળી શક્યા છે.

'જે પ્રભુને તીવ્રતાપૂર્વક ચાહે એ મીરાં' એ વ્યાખ્યાને આધારે સમગ્ર ભારતમાં નજર કરતાં જણાય છે કે, 'એક મીરાં ચિતોડમાં થયાં, શ્રીરંગમાં આંડાલ, કાશ્મીરમાં લલ્લેશ્વરી, કર્ણાટકમાં અક્ક મહાદેવી, સૌરાષ્ટ્રમાં ગંગાસતી તો ગુજરાતમાં 'મા' સર્વેશ્વરી થયાં.' નામરૂપ જૂજવાં, અંતે હેમનું હેમ.

કવિશ્રી નિરંજન ભગતે જે માર્મિક શબ્દોમાં મીરાંના સમગ્ર અસ્તિત્વનો સાર કહ્યો છે, એ શબ્દો 'મા' સર્વેશ્વરીના સ્વ–રૂપનો સંપૂર્ણ પરિચય કરાવવા સમક્ષ છે : 'આ વિશ્વમાં એકમાત્ર પરમેશ્વર જ મારો છે, અન્ય કોઈ મારું નથી, એવું કહેવાની જેનામાં ''વિરક્તિ'' હોય અથવા તો આ વિશ્વમાં હું એકમાત્ર પરમેશ્વરની જ છું, અન્ય કોઈની નથી એવું કહેવાની જેનામાં ''અનુરક્તિ'' હોય એ ''મીરાં'' છે.'

'મા' સર્વેશ્વરીના મન–અંતરમાં કોઈ શુભ ક્ષણે પ્રગટી ગયેલો સદ્‌ગુરુ શ્રી યોગેશ્વર માટેનો સ્નેહ સંકીર્ણ ન રહેતાં વિશાળ બની, સહસ્ર સહસ્ર ધારાઓરૂપે સમગ્ર સમષ્ટિને આજે



પખાળી રહ્યો છે. શ્રી યોગેશ્વર એમના માટે કેવળ વ્યક્તવિશેષ નથી કે નથી કેવળ પ્રભુના પ્રતિનિધિ; એ આરાધ્ય પ્રભુ સ્વયં છે. એમનો મહિમા એ જ એમના જીવનનું એકમાત્ર લક્ષ્ય છે. જીવનની પ્રત્યેક ક્ષણ એ લક્ષ્ય પાછળ ખરચાઈ જાય છે એમાં જ એમને કૃતકૃત્યતા જણાય છે, અસ્તિત્વની સાર્થકતા એમાં જ અનુભવાય છે. 'મા' લખે છે : 'ગુરુ એ જ ભગવાન એ જ ધ્યેય ને એ જ સર્વસ્વ.' મીરાંએ ગાયું, 'મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોય.' તો 'મા' પણ ૧૯૭૦થી આજ પર્યન્ત 'મેરે તો યોગેશ્વર પ્રભુ'એ અનુભૂતિ ગાતાં નથી, શ્વસે છે; ક્ષણ ક્ષણના સાતત્યથી સળંગ જીવે છે.

ઈ.સ.૧૯૮૪થી અનશનવ્રત અને ૧૯૯૫થી મૌનવ્રત ધારણ કરનાર અનવરત મંત્રજપથી જેમની પ્રત્યેક ક્ષણ પરમાત્મા સાથે અનુસંધિત છે, એ સ્નેહતીર્થ મા સર્વેશ્વરી એમની જન્મભૂમિ કર્પૂરવનનું જ નહીં, સાધનાભૂમિ સ્વર્ગારોહણનું જ નહીં; સમસ્ત અધ્યાત્મવિશ્વનું એક અતિ ઉજ્જવળ નામ છે.

**'મા'નું ચૈતન્યસ્વરૂપ**

પરમ વંદનીય 'મા'ની સર્વોપરી ચેતનામાંથી એક જ સૂર ઊઠે છે કે, 'જે મનુષ્ય જેને સમર્પિત થઈ જાય છે, તેની જ શક્તિ તેનામાં પ્રવેશતી હોય છે.'

'મા'એ એ સમજણ આવતાં જ પોતાને 'દેહધારી વ્યક્તિ' ગણવાને બદલે 'ચૈતન્યસ્વરૂપ' તરીકે સ્વીકારીને સાક્ષીભાવે જીવવાનું આરંભ્યું અને આજ પર્યન્ત એમને એક જ રસ રહ્યો છે એને જ સમૃદ્ધ કરવાનો. એને માટે એમને એક 'રાજમાર્ગ' જડી ગયો–'અનન્ય ગુરુભક્તિનો'. ગુરુકૃપાથી જ એ પ્રભુપ્રીતિ–નિષ્કામ ભક્તિના માર્ગે સતત સંચરતાં રહ્યાં અને

એટલે જ સદ્‌ગુરુનાં શ્રીચરણોમાં સઘળું ન્યોછાવર કરી દેવાની એમની અભીપ્સા ઉત્તરોત્તર એવી તો તીવ્ર થતી ગઇ કે, એ પ્રતિ પળ ઓગળી જ રહ્યાં છે, પીગળી જ રહ્યાં છે અને આ ઓગળવાનું પણ કેવું? એક ગીક્ર કથામાં ઈકારસના પાત્રની વાત આવે છે, જેની પાંખો મીણની હતી, સૂર્યકિરણો અડતાં જ તે ઓગળી ગઇ. એમ 'મા'ની ઈશ્વરદર્શી સંતના દર્શનની ક્ષણ એમની ઓગળવાની ક્ષણ બની ગઇ. 'મા'એ જાણે પ્રાર્થ્યું : 'મારામાં જે કંઇ અસ્થાયી, ચંચળ, ક્ષણજીવી, સ્થૂળ છે એ બધું જ ઓગળી જાઓ અને મને આપના પ્રકાશનો અંશ બનાવી દો.' એટલે જ વર્ષોથી 'મા'ની એકધારી પ્રાર્થના રહી છે; 'દર્શન દઇ સમાવી દો.' આ પ્રાર્થના નવ અક્ષરોનો સરવાળો નથી, એમાં 'મા'ની આયુષ્યભરની, ક્ષણ–ક્ષણની સળંગ સાધનાનો પુરુષાર્થપરિમલ મહેકે છે. 'મા'નું સઘળું આંતરઐશ્વર્ય એમાં સમાવિષ્ટ છે.

દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના વ્યારા પાસેના એક નાનકડા ગામ કર્પૂરવનમાં જન્મેલી એક સામાન્ય બાલિકા 'સરોજ' આજે અંબાજીના સ્વર્ગારોહણમાં 'મા' સર્વેશ્વરી રૂપે અધિષ્ઠિત છે. દેશ–વિદેશના હજારો ભાવિકોના હૃદયમાં તેઓશ્રી 'મા પ્રભુ' તરીકે બિરાજે છે. આ હકીકત ગૂઢ કે રહસ્યમય નથી કે નથી કોઇ ચમત્કારલીલા. પણ એક મનુષ્યદેહ પોતાની દીર્ઘ તપશ્ચર્યા અને કઠિન સાધનાબળે દેહ અને મનથી પરે રહેવાની શક્તિ સિદ્ધ કરી શકે તો એ પોતાનામાં રહેલી દિવ્યતા પ્રગટાવી શકે છે અને સૃષ્ટિના સર્વ અંશોમાં રહેલી દિવ્યતાને ઢંઢોળી શકે છે એની પ્રતીતિ 'મા' સર્વેશ્વરી એમના સંપર્કમાં આવનારને સાંપ્રતમાં કરાવી રહ્યાં છે.

(ક્રમશઃ)



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૩૭ ડીસેમ્બર–૨૦૧૪ અંક ૩

## શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**સ્થળઃ–૫૫, અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા**
**તા.૧૮/૦૭/૮૨, રવિવાર**

સવારે પૂ.શ્રી નિયમિત ૮–૧૫ થી લેખનકાર્ય કરે છે. આજકાલ નોંધ ચઢેલ છે.

સવારની મુલાકાત પહેલાં ભોજન લઇ લેવાનું બને છે. અગીયારશ પછી પૂ.શ્રી ખીચડીનું ભોજન જ ઇચ્છે છે.

આજની મુલાકાતમાં એક ભાઇએ ટાટી મહારાજની વાતો કરી. એક ભાઇ નોકરી છોડી રામકૃષ્ણદેવના આશ્રમમાં જોડાવા માંગતા હતા. તે ભાઇને પૂ.શ્રીએ યોગ્ય માર્ગદર્શન આપ્યું.

બપોરે થોડો આરામ કરી પૂ.શ્રી લેખનકાર્ય કરી લે છે. તેથી થોડા આરામબાદ સાંજનો સત્સંગ શરૂ થયો.

એક બે ભજનો બાદ શ્રી મૂળશંકરજાની પાસે ભૂલમાં માઇક મૂકવામાં આવ્યું. શ્રી મૂળશંકરે ગુરુસ્તુતિ ગાઇને કહ્યું. મારી ઘણાં દિવસથી આ સ્તુતિ ગાવાની ઇચ્છા હતી. હું સાંજે આવતો

જ નથી. આજે જ આવ્યો ને મારી ઈચ્છા પૂરી થઈ તેથી મને બહુ આનંદ થયો. મહાત્માજીની અપરિગ્રહવૃત્તિ, ત્યાગ, પ્રેમલાગણી જોઈને સાથેજ રહેવાની ઈચ્છા થાય. પણ એ તો શક્ય નથી.

ત્યારબાદ પ્રેમભક્તિની પગદંડીનું એક પ્રકરણ વંચાયું. ત્યારબાદ સર્વેશ્વરી ડાયરીનું પાનું વાંચી, ભજન ગવડાવે છે.

પ્રશ્નો શરૂ થાય છે.

**પ્રશ્નઃ—**"વિશ્વંદર્પણ દશ્યમાન નગરી,"

શ્લોકનો અર્થ સમજાવશો!

**પૂ.શ્રીઃ—**એ શ્લોક જેને સમજવો છે તેને આખો આવડે છે. અમે તો સમજાવીશું પણ તમને તે આવડે છે?

દર્પણમાં જે રીતે બધાં દ્રશ્યો દેખાય તેમ આત્મામાં જ્ઞાની પુરુષ સમસ્ત જગતનું દર્શન કરે. અવિદ્યાની નિદ્રામાંથી જાગીને વાસ્તવિક દ્રશ્ય જૂઓ. અનુભૂતિની એ પ્રબોધ અવસ્થામાં પરમાત્મામાં જગતને જૂએ એવા દક્ષિણામૂર્તિ ભગવાન સૌના સદ્ગુરુ છે તેમને પ્રણામ.

દક્ષિણા એટલે કૃપા, આર્શીવાદ, જે ગુરુની કૃપાથી દર્શન થયું તેને પ્રણામ.

દક્ષિણામૂર્તિ સ્તોત્રનો આ પ્રથમ શ્લોક છે પછી સાકરીયા સોમવારની ચર્ચા થઈ વળી મહાકાલી શિવ ઉપર ઉભાં છે એ પ્રશ્નની સરસ ચર્ચા થઈ.

**પ્રશ્નઃ—**તમારી સાથે જ અમારે જન્મોજન્મ રહેવું છે તો શું કરવું.

**પૂ.શ્રીઃ—**અરે, કોઈ વ્યક્તિ સાથે શા માટે રહેવું છે?



ભગવાન કે સંત સાથે રહો. પણ તે રહેવામાં પણ લાખણશી લાડુ નથી.

'મા' સર્વેશ્વરીને જ પૂછો. હમણાંનો જ અનુભવ છે તમને લાગે છે કે યોગેશ્વરજી ખૂબ સારા છે. પણ એટલા જ કડક છે. કેવી કસોટી થાય તે તો સાથે રહેનાર જ જાણે.

એ ચર્ચાબાદ પૂ.શ્રીએ ભજન ગવડાવ્યું. સત્સંગ પૂરો થયો.

**તા.૧૯/૦૭/૮૨ સોમવાર**

આજે સાંજે સત્સંગમાં પૂ.શ્રી સૌને પૂછે છે.

(૧) સવારે છ પહેલા કોણ કોણ ઉઠે છે?

(૨) સવારે સ્તોત્ર પાઠ જપ કોણ કોણ કરે છે?

(૩) વ્યસન ધ્રુમપાન વિ. કોને છે?

(૪) વ્યાયામની ટેવ કેટલાને છે?

(૫) ગરમ પાણીએ સ્નાન કરવાની ટેવવાળા કેટલા છે?

આજની પ્રશ્નોત્તરીમાં આનંદ આવ્યો. સૌએ પ્રામાણિક પણે ઉત્તરો આપ્યા.

એક ભાઈ ધ્રુમપાન કરતાં હતા તેમની આંગળી ઉંચી કરી. પૂ.શ્રીએ તેમને કહ્યું.

તમે મોટા કે ઠૂંઠૂં મોટું? છોડી દો લો સાકરની પ્રસાદી આપું.

તે ભાઈ ઉઠીને સાકરની પ્રસાદી પૂ.શ્રી પાસે લે છે.

સત્સંગ પૂરો થતાં પહેલાં પૂ.શ્રીએ બે ભજનો ગવડાવ્યા.

આજે ધ્યાનની બેઠક શરૂ થઈ ૧૫ મીનીટ ધ્યાન થયું.

સૌ પ્રણામ કરી છૂટા પડ્યા.

**તા.૨૧/૦૭/૮૨ બુધવાર**

સવારે મુલાકાતની બેઠકમાં વિવિધ જાતના સાધુસંતો

જાદુગરોની ચર્ચા થઇ.

સાંજની બેઠક શરૂ થતા પહેલા ભજનો ગવાયા. પછી આરાધના પુસ્તકમાંથી ''નામસ્મરણ'' પ્રકરણ વંચાયું.

પ્રશ્નો શરૂ થયા.

**પ્રશ્નઃ—**રજનીશના અભિપ્રાય મુજબ પોતાનું નામ પણ જપી શકાય?

**પૂ.શ્રીઃ—**પોતાનું નામ પોતાનું છે. એમ માનીને નહીં પણ પ્રભુનું નામ છે એમ માની જપો તો મન સ્થિર થશે આગળ ઉપર વિકાસ થાય.

મન સ્થિર થવું ને શાંત એ બન્ને અલગ અલગ છે.

ચિત્રકારનું મન ચિત્ર દોરતા ને બાંસુદીનું ભોજન કરતી વખતે ભોજન કરનારનું મન તેટલો વખત સ્થિર થાય. પણ મન શાંત થતું નથી.

મન નિર્મળ થાય તો અથવા પ્રભુપરાયણ થાય તો મન શાંત થાય. પ્રાર્થના, નામજપ, સત્સંગ કરીએ મન શાંત એનાથી થાય પછી તે મન સ્વસ્થ ને શાંત રહ્યા કરે.

આજે ધ્યાનની બેઠક ૧૫ મીનીટની થઇ સત્સંગ પૂરો થતાં સૌ વિદાય થયા.

આજે દરરોજની જેમ અશક્તિ ને ખાવાની રૂચિ સર્વેશ્વરીને નથી થઇ આજે સાત દિવસ થયા અશક્તિ હતી.

પૂ.શ્રીને શક્તિનું ઇન્જેક્શન મુકાવાની ઇચ્છા થઇ. સર્વેશ્વરી પોતાના શરીરને જરૂર નથી એમ કહે છે છેવટે 'જગદંબા'ની ઇચ્છા જાણી જે એક કાગળ ઉપર પૂ.શ્રીએ નીચે મુજબ જણાવ્યું જેથી ઇન્જેક્શન લીધું. પછી આરામ.

(ક્રમશઃ)



# દીપોત્સવી

—નારાયણ હ. જાની

પૂ.માના આગમને—સાધકોમાં નવી ચેતનાનો સંચાર. તા.૨૩ ઓક્ટો ૨૦૧૪ ને દીવાળીના દિવસે પૂ.મા મુંબઇથી અમદાવાદ પ્લેનમાં ને ત્યાંથી યુવાન સાધક ભાઇ તારક અમીનની ગાડીમાં અંબાજી સવારે ૮—૧૫ આવી ગયાં. કિન્તુ રાતનો ઉજાગરો ને પ્રવાસનો શ્રમ પૂ.માના શરીર પર વરતાતો હતો. આમ છતાં સાડા દસની ખાસ બેઠકમાં પૂ.મા પધાર્યા. પૂ.માના દર્શન માત્રથી ઉપસ્થિત સાધક ભાઇ—બેનોના ઉત્સાહમાં નવો સંચાર થયો. યુવાન દીકરીઓએ—પૂ.માનું ભાવભર્યા અભિનય ને દેશના વિવિધ પ્રદેશોની વેષભૂષા ધારણ કરી સ્વાગત કર્યું! તેનાથી જોનારા ને પૂ.મા પ્રસન્ન થયાં.

### વૃદ્ધોને જોતા આનંદ

પૂ.મા સર્વેશ્વરીએ પોતાના ભારત આગમન પ્રસંગે સ્વર્ગારોહણમાં વૃદ્ધોને ઉપસ્થિત જોઇ ખુશી વ્યક્ત કરી હતી. આ વૃદ્ધોમાં પૂર્વ મેનેજર શ્રીબાલુભાઇ, શ્રી નારાયણભાઇ ને શ્રી શાંતિભાઇ કનેરિયાનો સમાવેશ થતો હતો.

પૂ.માએ સ્વર્ગારોહણના પ્રારંભમાં શ્રી બાલુભાઇએ આપેલી સેવાઓ યાદ કરી. એમને ખાસ બીરદાવ્યા હતા. સાંભળવાની તકલીફ છતાં તેઓ સ્વર્ગારોહણ આવે છે, તે ખરે જ મોટી વાત છે.

### દીપોત્સવી એટલે દીપોનો ઉત્સવ

દીવાળીમાં દીપોનો ઉત્સવ કેવો હોય તો એકવાર તે

નિહાળવા સ્વર્ગારોહણ આવવું પડે.

બેનો ખૂબ પરિશ્રમ કરી સેંકડો દીપકોમાં તેલપૂરી, પેટાવી દરેક સાધક ભાઈબેનના હાથમાં આપે. તે પછી ભગવાનની સાથે સાથે શ્રીમા—પ્રભુની આરતી પણ ઉતારાય. આરતી પૂર્ણ થતાં, સ્વર્ગારોહણની પગથાળ દીપોની જ્યોતથી ઝળહળી ઊઠે, એ દશ્ય જ અનેરું. ભાગ્યશાળી જ તેમાં ભાગ લઇ તેનું દર્શન પામી શકે, માણી શકે.

બેસતા વર્ષે તો બેનો અને ભાઇઓએ આ પ્રસંગને વિશેષ રીતે દીપાવ્યો. બેનોએ સુંદર સાડીઓમાં તો ભાઇઓએ સફેદ કુર્તાલેંઘામાં વસ્ત્રો ધારણ કરી, જે સરસ દશ્ય સર્જ્યું, તેને હેમલભાઇ અને એમની ટીમે, વિડિયો સુટિંગમાં કંડારી લીધું. એક સરસ કાયમી યાદગીરી બની ગઇ!

સંત પુરુષ પૃથ્વી પર હોય ને તેનો લાભ લેવો હોય તો જાતે આવવું પડે. પૂ.મા કહે છે, "આવે તે પામે." પૂ.માની ઉપસ્થિતિ જ આધ્યાત્મિકતા ને આનંદથી ભરેલી છે. એમાં આવી પ્રવેશ કરવો, સ્નાન કરી બડભાગી બનવું એ તમારા હાથમાં છે. વિચારજો.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# નવા વર્ષમાં સત્કર્મ

—નારાયણ હ. જાની

આ દિવસોમાં પણ શ્રીયોગેશ્વર લીલામૃતનું એક પારાયણ તો બે ત્રણ દિવસની બેઠકોમાં સમૂહગાનમાં સાધકભાઇબેનોએ કર્યું. પૂ.માની ગુરુભક્તિની તે કાવ્યગાથા છે. તેનું સમૂહગાન વાતાવરણને સાચે જ દિવ્ય બનાવે છે.

### વિશેષતાને વંદન

મુંબઇના શ્રીદીપેશભાઇ શાહની દીકરી પુષ્ટિએ ગણિત વગેરે વિષયોમાં પ્રાપ્ત કરેલ વિશેષ ગુણવત્તા અંગે પ્રાપ્ત થયેલ પાંચેક જેટલાં પારિતોષકો રજુ કરી પૂ.માના આશીર્વાદ મેળવ્યા. તેણે અંગ્રેજી અને ગુજરાતીમાં સરસ વકતવ્ય આપી સાધકોને સંમોહિત કર્યા.

### સ્વર્ગારોહણમાં નવું વર્ષ કંઇ નવું જ લાવે

આ વર્ષે નવા વર્ષનો પ્રારંભ સવારની ધ્યાનની બેઠકથી થયો. સ્વર્ગારોહણમાં પ્રદિક્ષણા ને પ્રણામ પહેલાં રોજ અર્ધા કલાકનું ધ્યાન હવે નિત્યક્રમ બન્યાં છે. આજે પણ તે પ્રમાણે થયું.

નવા વર્ષે પૂ.શ્રી યોગેશ્વરજીનો નૂતન વર્ષનો સંદેશ—DVD ઉપર સૌએ નિહાળ્યો. પૂ.શ્રીનું દર્શન અને મંચ ઉપર પૂ.માશ્રી સર્વેશ્વરીની ઉપસ્થિત સોનામાં સુગંધ ભરવા જેવું સાધકો માટે થયું.

નવું વર્ષ એટલે મા લક્ષ્મીજીની પૂજા અને આરાધનાનું પર્વ. એટલે પૂ.મા પણ દરેક સાધકોને પોતાના વરદ હસ્તે સૂકા મેવાના પ્રસાદ સાથે લક્ષ્મીજીનો પ્રસાદ અચૂક આપે જ. પૂ.મા જાણે કે વ્યવસાયમાં પડેલા જીવ આ બેઠકમાં ઉપસ્થિત ન રહી

શક્યા હોય તો તેમને—પછીની બેઠકોમાં ખાસ યાદ કરીને આપે જ. આ પ્રસાદની વિશેષતા એક તમે નાના હો કે મોટા, બાળક હો, પુરુષ હો કે સ્ત્રી સહુને એક સરખો જ લક્ષ્મીનો પ્રસાદ મળે. કેવો ઉત્તમ સમત્વભાવ! માને મન સહુ સરખા.

પૂ.મા હંમેશા ભૂદેવોને યાદ કરી યજ્ઞોપવિત સાથે લક્ષ્મીનો પ્રસાદ નૂતન વર્ષે આપતાં રહે છે. આ વર્ષે પણ આવો પ્રસાદ શ્રી નારાયણભાઈના હાથે અપાવ્યો. લગભગ પચાસ ઉપરાંત ભૂદેવો આ પ્રસાદ પામવા ભાગ્યશાળી થયા.

આ વર્ષે નવા વર્ષના મંગલ પ્રારંભે—સાધકોને એક સરસ પુસ્તિકારૂપે ભેટ મળી. તેના લેખિકા છે મા ભક્ત પ્રો.તરલાબેન દેસાઇ. પુસ્તિકાનું શીર્ષક છે **'શ્રીમા સર્વેશ્વરીનું આંતર ઐશ્વર્ય'** આ પુસ્તિકા પ્રસિદ્ધ કરનાર સંસ્થા છે. પરિચય પુસ્તિકા જ.

આ પુસ્તિકાના પ્રકાશનથી પૂ.મા હવે પૂ.શ્રી યોગેશ્વર પરિવાર પૂરતાં સીમિત ન રહેતાં—સમગ્ર દુનિયામાં વસતા ગુજરાતી વાંચકોના ફલક ઉપર પ્રસિદ્ધિ પામ્યાં છે. મારી દૃષ્ટિએ આ સાચે જ એક ઐતાસિક શકવર્તી કાર્ય છે. તેમાં પૂ.ગુરુદેવ પ્રભુએ શ્રીતરલાબેનને નિમિત્ત બનાવ્યાં છે.

તો શ્રી તરલાબેનની કલમે પણ અદ્ભુત કાર્ય કર્યું છે. આખું ૫૬ પૃષ્ટોનું લખાણ એક આધ્યાત્મિક આંતઃપ્રેરણા(Inspired writing) જેવું લાગે છે. તરલાબેન ભગવાન રમણ મહર્ષિ ને શ્રી વિમલા ઠકારેનો આત્મિક જ્ઞાનનો સંસ્પર્શ પામ્યા પછી મીરાંની પરાભક્તિનો અક્ષરદેહ મા સર્વેશ્વરીરૂપે આ પુસ્તિકામાં અવતરિત થયેલ લાગ્યો છે. સાચેજ આ માટે તેમને ને તેમની કલમને જેટલા પણ અભિનંદન આપીએ એટલા ઓછા છે.

આ આખી પુસ્તિકાનું વાંચન પણ શ્રીતરલાબેન પૂ.માની આજ્ઞાથી બે બેઠકમાં કર્યું. તેથી સાધકોને તેમની લેખિની સાથે વાણી દ્વારા પણ પૂ.માનું યશોગાન સુણવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું.



વળી પોતાના ખર્ચે આ પુસ્તિકા ખરીદી સાધકોને નવા વર્ષે ભેટ આપવા બદલ તેઓ તેમજ તેમના પતિ શ્રી યશવંતભાઈને ધન્યવાદ ઘટે છે. એ પરિવારની મા પ્રભુમાંની ભક્તિ અખંડ રહો એવી પ્રાર્થના.

### શ્રી આશીષ જોષીની અનોખી ભેટ

વડોદરાના શ્રી આશીષ જોષીએ આ વર્ષે એક અનોખી ભેટ શ્રી યોગેશ્વર પરિવારના સાધકોને દીવાળીની ભેટ તરીકે આપી. આ ભેટ છે સ્વર્ગારોહણમાં દર કલાકે વાગતી પૂ.માના સ્વમુખે ગવાયેલ પંક્તિ—હવે દરેક મોબાઇલ જેમાં ઈન્ટરનેટ કનેકશન તેમજ એનરોઇડ ઓપરેટીંગ સીસ્ટમ હોય તેવા સાધક પોતાના ફોનમાં પણ ડાઉનલોડ કરી શકે છે. તે માટે Playstoore માં મંત્રદ્વાર ડાઉનલોડ કરવાથી તેનું કલાકે શ્રવણ કરી શકાય છે. MANTRADWAR. આ એક સોફટવેર છે જેની મદદથી—સાધક ગમે ત્યાં હોય છતાં પણ સ્વર્ગારોહણની આ પંક્તિ—પોતાના મોબાઈલ પર દર કલાકે સાંભળી શકે છે, જેથી તે સ્વર્ગારોહણમાં હોય તેવો અનુભવ કરી શકે.

નવા વર્ષના દિવસે રાતની બેઠકમાં સરસ જોશીલો ગરબો રજુ થયો. જાણે યૌવન હિલોળે ચઢ્યું હોય એવું લાગ્યું. માને યુવાન દીકરીઓની તાલબદ્ધ જુસ્સાભરી રજુઆત ખૂબ ગમી. તેથી તે ગરબાને પૂ.માએ વન્સમોર આપી. પ્રસન્નતાનો પુરસ્કાર પૂ.મા પ્રસાદ ને લક્ષ્મીરૂપે આપેજ. જોનારાઓએ પણ તેનો આનંદ માણ્યો.

### નવા વર્ષમાં સત્કર્મ

સ્વર્ગારોહણ સત્કર્મ વિહોણુ ન જ હોઇ શકે. એટલે આ વર્ષે આવા લગભગ ૨૫૦ લાભાર્થીઓને સહાય પહોંચાડવા માટે નવતર પ્રયોગ સર્વમંગલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવ્યો જેથી નાના નાના દાતાઓ પણ પોતાનું યોગદાન આપી શકે.

લગભગ ૯૦ ઉપરાંત–દરેક સાધકે રૂા.૬૦૦નું દાન આપીને આ સત્કર્મમાં પોતાના હાથે દાન આપવાનો લહાવો લીધો. લાભાર્થીઓને ટુવાલ, શાલ, ચંપલ, ચૂંદડી, છત્રી ઉપરાંત ચીકીનો પ્રસાદ પ્રાપ્ત થયો. ઉઘાડી છત્રી સાથેનું સ્વર્ગારોહણનું એ દૃશ્ય સાચે જ મનોરમ હતું. રાહદારીઓ કૌતુક નજરે તેનો આનંદ માણી રહ્યા હતા.

## Happy X'mas and Good Wishes for New Year

The family of ADHYATMA monthly sends messages of Happy X'mas and Good wishes for the New Year–2015 to all its readers in the Western world.

Past is past, It can't be repeated. It is good for us to look for the on–coming New year. We pray God that He may bestow upon us all good that a human being wishes for, together with all that he needs for his spiritual upliftment Let the New year bring for us a New Sun Shine for Mankind in the forms of material prosperity and spiritual values.

**નાતાલ અને નવા વર્ષની શુભ કામના**

અધ્યાત્મના બધા વાંચકોને સુખરૂપ નાતાલ અને ઈશુના ૨૦૧૫ના શુભાગમન પ્રસંગે–ભૌતિક સમૃદ્ધિ સાથે આધ્યાત્મિક ઉન્નતિ પણ થતી રહે–એવી મંગલ કામના

–તંત્રી



# પ્રેમ અને લાગણી ભર્યા સ્પર્શનો ચમત્કાર

–ડૉ.આઇ.કે.વિજળીવાળા

[આ વાર્તા અમે વાંચી. ખૂબ ગમી વાંચતા અશ્રુ પણ ઉભરાયાં, પ્રેમ અને લાગણી ભર્યો સંસ્પર્શ. વ્યક્તિના જીવનમાં કેવો ચમત્કાર સર્જી શકે. તે વાંચક પોતે સંવેદનશીલ હશે તો જરૂર અનુભવશે.

તમે ખરેખર સંવેદનશીલ છો કે કેમ, તેની પ્રતીતિ આ વાર્તાનું વાંચન જરૂરથી કરાવશે. તેથી વાંચવા ભલામણ છે.]

–તંત્રી

## ટેડ

પરદેશની વાત છે. એક નિશાળમાં પાંચમા ધોરણનો વર્ગ શરૂ થવાને થોડીક વાર હતી. બધાં છોકરાંઓને થોડીક ઇંતેજારી પણ હતી, કારણ કે આજે એમના વર્ગમાં નવાં શિક્ષિકાબહેન આવવાના હતાં. આ વરસથી જ એમની નવી નિમણૂક થઇ હતી. ભણીને આવ્યા પછી એમનો પણ નોકરીનો આ પ્રથમ જ દિવસ હતો. એમના માટે પણ આ નિશાળ અને આ વર્ગનાં બાળકો એટલાં જ નવા હતા જેટલાં એ પોતે આ બાળકો માટે નવાં હતાં. વર્ગ શરૂ થવાનો બેલ પડ્યો.

પાંચમા ધોરણનાં છોકરાંઓ આતુરતાપૂર્વક નવા શિક્ષકની રાહ જોવા લાગ્યાં. એ જ વખતે ખૂબ જ પ્રતિભાશાળી એક સુંદર યુવતીએ વર્ગમાં પ્રવેશ કર્યો. એ હતાં નવા શિક્ષિકાબહેન. એમનું નામ હતું મિસિસ થોમ્પ્સન. આવતાંવેંત એમણે ક્લાસનાં

છોકરાંઓનું અભિવાદન કર્યું. ત્યાર બાદ સૌએ એકબીજાનો પરિચય આપ્યો. દરેક છોકરાએ ઉત્સાહપૂર્વક પોતાનું નામ–સરનામું કહ્યું. પણ ત્રીજી હરોળમાં બેઠેલો એક છોકરો કંઇ પણ બોલ્યા વિના બેઠો રહ્યો. એ પોતાનો પરિચય આપવા, પોતાનું નામ કહેવા પણ આગવ ન આવ્યો. એનો દેખાવ સાવ લઘરવઘર હતો. કંઇકેટલાય દિવસથી નાહ્યો ન હોય તેવું લાગતું હતું. વાળ પણ વીંખરાયેલા. કપડાં પર તો મળી જામી ગયેલી. એ કદાચ ગંધાતો પણ હશે જ, કારણ કે એની બાજુની બેઠક પર કોઇ બેઠું નહોતું અથવા બેસવા રાજી નહોતું. એને જોઇને જ શિક્ષિકાબહેનને સૂગ ચડી ગઇ. ઔપચારિકતા પૂરતું એમણે એનું નામ જાણી લીધું. એ છોકરાનું નામ હતું ટેડ. પરિચયનો સમય પૂરો થયા પછી શિક્ષિકાબહેને દરેક વિદ્યાર્થીને કહ્યું કે એ બધાને ખૂબ જ ચાહે છે. પણ સાચું જોતાં તો એમના મનના એકાદ ખૂણામાં ક્યાંક ટેડ પ્રત્યેનો તિરસ્કાર છુપાઇને બેસી ગયો હતો. અને એ વાતની એમને પણ જાણ હતી.

ત્યારપછી પાંચમા ધોરણના એ ક્લાસમાં ટેડ તો જાણે મશ્કરીનું એક પાત્ર બની ગયો હતો. મિસિસ થોમ્પ્સન એની મજાક ઉડાવવાનો એક પણ મોકો ચૂકતાં નહીં. શરૂઆતમાં તો એ વર્ગની કસોટીઓમાં ટેડનું પેપર તપાસતાં પણ ખરાં, પણ એકાદ બે વખત ટેડના શૂન્ય માર્ક આવ્યા પછી એમણે એક નવી રીત અપનાવી હતી. ટેડના પેપરના પહેલા પાને સૌપ્રથમ મિસિસ થોમ્પ્સન એક મોટું લાલ મીંડું મૂકી દેતાં, નાપાસની નિશાની કરી નાખતાં અને ત્યાર પછી જ એના પેપરમાં નજર નાખતાં. આમેય ટેડના અક્ષર એટલા બધા ગડબડિયા થતા કે



કોઇ ભાગ્યે જ એ ઉકેલી શકે. પોતાને વારંવાર શૂન્ય માર્ક જ મળતા છતાં ટેડ તો જાણે આ બધી વસ્તુઓ પ્રત્યે કંઇ જ બન્યું ન હોય તેમ વર્તતો. કંઇ પણ પ્રત્યાઘાત આપ્યા વિના એ નીચું જોઇને બેઠો જ રહેતો. આખો ક્લાસ અને મિસિસ થોમ્પ્સન પણ એના શૂન્ય માર્કની ઠેકડી ઉડાવતાં હોય ત્યારે એ પગના અંગૂઠાથી જમીન ખોતરતો રહેતો.

હવે એ નિશાળના કાયદા પ્રમાણે દરેક વર્ગશિક્ષક કે શિક્ષિકાએ પોતાના દરેક વિદ્યાર્થીનો આગળના દરેક વરસનો રેકોર્ડ વાંચી જવો ફરજિયાત હતો. એક વખત પ્રિન્સિપાલે મિસિસ થોમ્પ્સનને આ અંગે પૂછ્યું તો એમણે કહેલું કે ટેડ સિવાયના દરેક વિદ્યાર્થીનો રેકોર્ડ એમણે વાંચી લીધો છે. ટેડનો રેકોર્ડ પણ સત્વરે વાંચવાની એમણે તાકીદ કરી ત્યારે એક રવિવારે એમણે ટેડનો પાછળનો રેકોર્ડ હાથમાં લીધો.

ટેડના પ્રથમ ધોરણના વર્ગશિક્ષકે લખેલું કે, ‘ટેડ એક ખૂબ જ હસમુખો અને હોશિયાર છોકરો છે. એના અક્ષર બધાં કરતાં સુંદર અને મોતીના દાણા જેવા થાય છે. આટલો ઉત્સાહી, જીવંત અને વિવેકી છોકરો પ્રથમ કક્ષાના વર્ગમાં બીજો એક પણ નથી. એ કદાચ ભવિષ્યનો કોઇ ખૂબ જ તેજસ્વી સિતારો છે. I wish all the best to him!... હું એને એક ઉજ્જવળ ભવિષ્ય માટેની અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવું છું!’ આ વાંચીને મિસિસ થોમ્પ્સનને નવાઇ લાગી, કારણ કે આજના ટેડ સાથે આમાંથી એક પણ શબ્દનો મેળ ખાતો નહોતો. એમણે આગળ વાંચવાનું શરૂ કર્યું.

બીજા ધોરણના વર્ગશિક્ષકે નોંધ કરી હતી કે, ‘ટેડ અત્યંત

હોશિયાર અને ચપળ છોકરો છે. વર્ગના દરેક વિદ્યાર્થીનો એ માનીતો છે. પણ પાછળ થોડાક દિવસથી એ થોડોક બેધ્યાન બની ગયો છે. એનું કારણ કદાચ એની માતાને છેલ્લા તબક્કાનું કેન્સર છે એ પણ હોઈ શકે. સાંભળવામાં આવ્યા મુજબ એના પિતા દારૂડિયા છે. એના ઘરની આવી પરિસ્થિતિની ખરાબ અસર ટેડ પર સ્પષ્ટપણે દેખાઈ રહી છે...' આ વાંચ્યા પછી મિસિસ થોમ્પ્સનને એક આઘાત જેવી લાગણી થઈ.

ત્રીજા ધોરણના વર્ગશિક્ષકની નોંધ હતી, 'માતાના મૃત્યુથી ટેડ ભાંગી પડ્યો છે. આટલો નાનો બાળક હંમેશાં ઉદાસ બેઠો રહે છે. ક્યારેક એકલો એકલો કંઈક બબડતો હોય છે. ક્યારેક એની આંખોમાં આંસુ ભરેલાં હોય છે. એ કંઈ જ બોલતો નથી. કોઈ સાથે હવે વાત પણ કરતો નથી. ભણવાના સંનિષ્ઠ પ્રયાસો છતાં એ ભણવામાં ધ્યાન નથી આપી શકતો. જો કોઈ યોગ્ય પગલાં નહીં લેવાય તો એવું લાગે છે કે એના કુમળા માનસને આવા આઘાતમાંથી પાછું નહીં વાળી શકાય...' આવા પીડાતા બાળક માટે પોતાનું વર્તન કેવું ખરાબ રહ્યું હતું? મિસિસ થોમ્પ્સનને પોતાની જાત માટે હવે શરમ આવવા લાગી હતી.

ચોથા ધોરણના વર્ગશિક્ષકે લખેલું કે, 'ટેડ કોઈ જ બાબતમાં રસ નથી લેતો. એનું જીવનસત્ત્વ જાણે સાવ હણાઈ ગયું છે. સાંભળવા મુજબ એના પિતા હવે ઘરે પણ નથી આવતા અને કોઈ બીજી સ્ત્રી સાથે રહે છે. ઘરડી દાદી જોડે રહેતો ટેડ રાત્રે મોડે સુધી દાદીને ઘરમાં મદદ કરવાને કારણે ક્યારેક ક્લાસમાં ઊંઘી પણ જાય છે. એને હવે એક પણ મિત્ર નથી. સાવ જ એકલો એ ક્યારેક રડતો પણ હોય છે. કોઈની સાથે એ વાત



પણ નથી કરતો. પોતાના શરીર કે વાળની દરકાર પણ નથી રાખતો. ભગવાનને હું પ્રાર્થના કરું છું કે એ છોકરાને મદદ કરે...'

બસ! આટલું વાંચતા જ મિસિસ થોમ્પ્સન ચોધાર આંસુડે રડી પડ્યાં. પહેલાં તો એમને પોતાની જાત માટે શરમ આવેલી પણ છેલ્લી નોંધ વાંચ્યા પછી તો એમને પોતાની જાત પર તિરસ્કાર વછૂટ્યો. એક નાનકડા અને નિર્દોષ જીવને પોતે અજાણતાં જ કેટલી ઈજા પહોંચાડી હતી? ટેડ મેલોઘેલો હતો, લઘરવઘર હતો અને ગંધાતો હતો એ તો પોતે પણ જોયું પણ એ શું કામ એવો હતો એ જાણવાની કોશિશ આ છ મહિનામાં એમણે ક્યારેય નહોતી કરી. એ ભણવામાં શૂન્ય માર્ક લાવતો હતો એ મોટા લાલ મીંડાથી પોતે સાબિત કર્યું હતું, પણ એ છોકરો શું કામ નાપાસ થતો હતો એ જાણવાની એમણે ક્યારેય ઈચ્છા પણ નહોતી કરી. શું ખરેખર પોતે એક સાચા શિક્ષકને છાજે એવું કાર્ય કર્યું હતું ખરું? જરાય નહીં. ઊલટાનું એમણે તો એક વખોડવાલાયક કૃત્ય જ કર્યું હતું. મિસિસ થોમ્પ્સનને પોતાની જાત માટે ધિક્કારની લાગણી થઈ આવી. રવિવારનો બાકીનો દિવસ એમણે રડવામાં જ કાઢ્યો.

બીજા દિવસનો સોમવાર એ નિશાળમાં નાતાલની રજાઓ પડતાં અગાઉનો છેલ્લો દિવસ હતો. એ દિવસે બધાં બાળકો શિક્ષક માટે નાતાલની ભેટ લાવે એવો શિરસ્તો હતો. પાંચમા ધોરણનાં બાળકો પણ મિસિસ થોમ્પ્સનને ભેટ આપવા માટે થનગની રહ્યાં હતાં. બેલ વાગ્યો. હળવા પગલે મિસિસ થોમ્પ્સન ક્લાસમાં દાખલ થયાં. આ છ મહિનામાં પ્રથમ વાર એમણે ટેડ

સામે જોઇને સ્મિત કર્યું. પણ ટેડ તો સ્થિતપ્રજ્ઞની માફક કોઇ પણ હાવભાવ વિના જ બેઠો રહ્યો. હસ્યો પણ નહીં.

ભેટ આપવાનો સમય થતાં બાળકો એક પછી એક એમ પોતાની જગ્યાએથી ઊભાં થઇને આવતાં ગયાં. 'મેરી ક્રિસમસ મિસિસ થોમ્પ્સન!' કહી પોતાના હાથમાં રહેલ આકર્ષક રંગીન ચળકતાં કાગળોથી વીંટળાયેલાં બોક્સ મિસિસ થોમ્પ્સનને આપતાં ગયાં. આ બધા દરમિયાન ટેડ માથું ઝૂકાવીને બેઠો હતો. બધાં વિદ્યાર્થીઓ પોતાની ભેટ આપીને બેસી ગયા ત્યારપછી ધીમેથી ટેડ ઊભો થયો. એના હાથમાં કરિયાણાની દુકાનેથી આવેલી કથ્થાઇ કાગળની કોથળી હતી. ટેડે ડૂચાની જેમ એ કોથળીને પોતાના હાથમાં પકડી હતી. થોડુંક ચાલ્યા પછી એ ખંચાયો. બધા છોકરાંઓ એના હાથમાંથી ગંદી કોથળી જોઇને જોરથી હસવા લાગ્યાં. એની મશ્કરી કરવા લાગ્યાં. બંને હાથ વડે કોથળીને સજ્જડ રીતે પકડીને ટેડ ઝડપથી મિસિસ થોમ્પ્સન પાસે પહોંચ્યો. નીચું જોઇને એણે ખચકાતાં ખચકાતાં એ આપવા માટે હાથ લંબાવ્યો.

'મારા વહાલા દીકરા! ભેટ આપવા બદલ તારો ખૂબ ખૂબ આભાર!' કહી મિસિસ થોમ્પ્સને એના માથા પર પહેલી વાર સાચા દિલથી હાથ ફેરવ્યો. ટેડે પોતાની માતાના મૃત્યુ પછી કદાચ પ્રથમ વખત જ સાચી લાગણીનો સ્પર્શ અનુભવ્યો હશે. એણે પહેલી વાર મિસિસ થોમ્પ્સનની આંખમાં આંખ પરોવીને જોયું. મિસિસ થોમ્પ્સનની આંખમાં પસ્તાવાનાં આંસુની ભીનાશ સ્પષ્ટ ઊભરી આવી હતી. ટેડની આંખમાં પણ આવા સાચી લાગણીથી ભરેલા સ્પર્શ માટે આભારના હજારો શબ્દો અને



સેંકડો વાક્યો લખાઇ ગયાં હતાં. એને બોલી બતાવવાની કોઇજ જરૂર નહોતી. એ પછી ઝડપથી ચાલીને એ પોતાની જગ્યાએ જઇને બેસી ગયો.

મિસિસ થોમ્પ્સને એણે આપેલી કથ્થાઇ કાગળની કોથળી ખોલી. દરિયાને કાંઠેથી વીણેલાં છીપલાંનો એક કઢંગો પાટલો— બ્રેસલેટ એમાં હતો. ટેડે પોતે જાતે જ એ તૈયાર કરેલો. અમુક છીપલાં તો દોરામાં પરોવાતાં તૂટી પણ ગયાં હતાં. એની સાથે બીજી ભેટ હતી પોણી વપરાઇ ગયેલી પર્ફ્યુમ સ્પ્રે(અત્તર)ની બાટલી! આખો વર્ગ ભેટમાં અપાયેલી આવી ભંગાર વસ્તુતાઓને જોઇને જોરજોરથી હસવા લાગ્યો. પણ મિસિસ થોમ્પ્સને બધાંને ચૂપ કરી દીધાં. પછી ટેડ સામે જોઇ ખૂબ જ વહાલ સાથે કહ્યું, 'ટેડ દીકરા! સાચું કહું? આટલી સરસ ભેટ મને ક્યારેય કોઇએ આપી નથી. બીજા બધાએ તો મને સ્ટોર્સમાં તૈયાર મળતી વસ્તુઓ જ આપી છે. પણ તેં તો મારા માટેની ભેટ જાતે જ તૈયાર કરી છે ખરુંને? એટલે તારો આભાર સૌથી વધારે માનું છું! બોલ! સાચું કહે, તેં મારા માટેની આ ભેટ તારી જાતે છીપલાં પરોવીને તૈયાર કરી છે ને?' હકારમાં મસ્તક હલાવીને ટેડ નીચું જોઇ ગયો.

એ દિવસે બાકીના દરેક પિરિયડમાં મિસિસ થોમ્પ્સને એ બ્રેસલેટ પહેરી જ રાખ્યું. એ સાંજે એમના ઘરના મુખ્ય દ્વાર નીચેથી એક પત્ર સરકીને અંદર આવ્યો. એમાં લખ્યું હતું કે, 'મારી માતાના મૃત્યુ પછી તમે પહેલી એવી વ્યક્તિ છો જેણે મને સાચું વહાલ કર્યું હોય. તમે સૌથી સારાં ટીચર છો—ટેડ.' વાંચીને મિસિસ થોમ્પ્સનની આંખમાં આંસુ આવી ગયાં. પણ એમના

દુખતા હૃદયને થોડીક શાતા વળી.

બીજે દિવસે ટેડ નહાઇને ક્લાસમાં આવ્યો હતો. એના વાળ પણ વ્યવસ્થિત રીતે ઓળેલા હતા. છ મહિનામાં કદાચ પ્રથમ વખત એણે કપડાં પણ ધોયેલાં પહેર્યાં હતાં. મિસિસ થોમ્પ્સનથી આ ફેરફાર અજાણ્યો નહોતો જ. ત્યારપછી તો જાણે પાનખરના ઠૂંઠા ઝાડને વાસંતી વાયરો સ્પર્શી ગયો હોય તેમ ટેડ ઝડપભેર ખીલવા લાગ્યો. મિસિસ થોમ્પ્સન પણ એનું ખાસ ધ્યાન રાખતાં. ટેડનાં વખાણ કરવાની એક પણ તક એ જતી ન કરતાં. હવે ટેડ પણ એનો હકારાત્મક પ્રતિભાવ આપવા લાગ્યો હતો. નવમાસિક પરીક્ષાઓમાં ટેડ વર્ગમાં છઠ્ઠા નંબરે આવ્યો અને બાર માસિક પરીક્ષામાં ક્લાસમાં પ્રથમ! વરસ પૂરું થયું એટલે એ ક્લાસના વિદ્યાર્થીઓનો વિદાયસમારંભ ગોઠવાયો ત્યારે ટેડ ખૂબ જ રડ્યો. મિસિસ થોમ્પ્સન પણ એટલું જ રડ્યાં. એ વખતે ટેડ એમનો સૌથી વહાલો અને માનીતો વિદ્યાર્થી બની ચૂક્યો હતો.

એક વરસ પછી ફરી એક વખત મિસિસ થોમ્પ્સનને ટેડનો પત્ર મળ્યો. એમાં એણે લખ્યું હતું કે હજુ એના માટે સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ અને ઉત્તમ ટીચર મિસિસ થોમ્પ્સન જ છે અને જિંદગીમાં એ એમને ક્યારેય નહીં ભૂલી શકે!

એ પછી સમય સરકતો ગયો. છસાત વરસ પછી તો મિસિસ થોમ્પ્સન આ ઘટનાને લગભગ ભૂલી જવા આવ્યાં હતાં. એવે વખતે ટેડનો પત્ર ફરી એક વખત આવ્યો. એણે લખ્યું હતું કે, 'મિસિસ થોમ્પ્સન, તમે મારી જિંદગીમાં સૌથી આદરણીય અને શ્રેષ્ઠ વ્યક્તિ આજે પણ છો. દાદીના મરી ગયા પછી મજૂરી કરીને ભણતાં ભણતાં મેં આજે હાઇસ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો



છે. આજે હું સમગ્ર બોર્ડમાં ત્રીજા નંબરે પાસ થયો છું. આ બધું તમારાં વહાલ અને કાળજીનું પરિણામ છે. હું હંમેશાં તમારો ઋણી રહીશ!' આંસુભરી આંખે મિસિસ થોમ્પ્સન કાગળ સામે જોઇ રહ્યાં.

એ પછી પાંચ વરસ સુધી ટેડના કોઇ જ સમાચાર એમને ન મળ્યા. બોર્ડની પરીક્ષા પછી એણે આગળ શું કર્યું એની પણ એમને કંઇ જ ખબર નહોતી. એવામાં એક દિવસ એક સરસ પરબીડિયું એમના દ્વાર નીચે એમણે જોયું. આ વખતે...—તમે મારા જીવનના સૌથી આદરણીય વ્યક્તિ છો...—એ વાક્યથી વધારે વિગત નહોતી લખી. બસ, હવે ટેડ એમને જલદી મળવા આવશે એવું લખેલું હતું. પણ આ પત્રમાં ટેડની સહી બદલાઇ ગઇ હતી. પત્રને અંતે જ્યાં એ 'ટેડ' એમ લખતો હતો ત્યાં આ વખતે 'ડૉક્ટર થીઓડોર એફ. સ્ટોડાર્ડ, એમ.ડી.' એમ લખેલું હતું. હા! ટેડ ડૉક્ટર બની ગયો હતો. મિસિસ થોમ્પસ્નની આંખમાંથી ટપકતાં હર્ષનાં આંસુથી ટેડની સહી ભીંજાઇ રહી હતી.

પત્ર મળ્યાના બે જ દિવસ પછી સવારના આઠ વાગ્યામાં મિસિસ થોમ્પ્સનના ઘરની ડોરબેલ વાગી. ખોલીને જુએ છે તો સામે એક પડછંદ અને ફૂટડો યુવાન ઊભો હતો. એની જોડાજોડ એનો હાથ પકડીને એક ખૂબ જ રૂપાળી યુવતી ઊભી હતી. યુવાને પૂછ્યું, 'ઓળખ્યો મને?' મિસિસ થોમ્પ્સન હજુ અવઢવમાં હતાં.

'હું ટેડ! અને આ મારી વાગ્દત્તા!' એટલું કહીને ટેડ મિસિસ થોમ્પ્સનનાં પગમાં પડી ગયો. એ પડછંદ ડૉક્ટર ક્યાંય સુધી

એમના પગ પકડીને રડતો રહ્યો. અને મિસિસ થોમ્પ્સનની હાલત પણ ક્યાં જુદી હતી? બંને કેટલીયે વાર સુધી રડ્યા પછી સ્વસ્થ થયાં. ત્રણ દિવસ પછી ટેડનાં લગ્ન હતાં. એ પ્રસંગે મિસિસ થોમ્પ્સનને હાજરી આપવાનું આમંત્રણ આપવા માટે જ એ આવ્યો હતો. એમની પાસે આવવાનું વચન લઈને જ ટેડ અને તેની ભાવિ પત્નીએ વિદાય લીધી.

એના ત્રણ દિવસ પછી ચર્ચમાં ટેડના લગ્નની વિધિ શરૂ થઈ. રૂઢિ અને રિવાજ મુજબ જે જગ્યાએ ટેડની માતાએ બેસવાનું હોય ત્યાં ટેડે મિસિસ થોમ્પ્સનને આગ્રહપૂર્વક બેસાડ્યાં. એમના શરીર પરથી આવતી પર્ફ્યુમની સુગંધ ટેડ તરત જ ઓળખી ગયો. આ એ જ સ્પ્રે હતો જેની પોણી વપરાયેલ બાટલી ટેડે પાંચમાં ધોરણમાં નાતાલ વખતે એમને ભેટ આપેલી. ટેડે મિસિસ થોમ્પ્સનને કહ્યું કે, 'મેમ! કદાચ તમને ખ્યાલ નહીં હોય પણ આ સ્પ્રેની પોણી બાટલી મારી માતાએ વાપરેલી. બાકીની પા બાટલી મેં તમને આપેલી. આજે એ સ્પ્રે છાંટીને તમે ફક્ત મારી માતાની જગ્યા પર નથી બેઠાં પણ મને તો લાગે છે કે સાક્ષાત્ મારી માતા તરીકે જ પધાર્યાં છો. અને બીજી એક વાત : તમારો આભાર માનવા માટે મારી પાસે શબ્દો જ નથી, મને ડૂમો ભરાઈ આવે છે, પણ ખરા દિલથી કહું છું મિસિસ થોમ્પ્સન કે તમે જ એ વ્યક્તિ છો, જેણે મને મારી જાત માટે આદર શીખવ્યો છે. મારામાં પણ કંઈક સત્ત્વ પડેલું છે એ દેખાડવા બદલ અને હું પણ કંઈક કરી શકું છું એવો આત્મવિશ્વાસ મારામાં જગાવવા બદલ હું હંમેશ માટે તમારો ઋણી બની ગયો છું...' ટેડ આગળ ન બોલી શક્યો.



ભૂતકાળની દારુણ યાદો એની આંખોમાંથી આંસુસ્વરૂપે ટપકી રહી હતી.

'ના બેટા! એવું નથી.' મિસિસ થોમ્પસ્ન બોલ્યાં, 'હકીકતમાં તો તેં જ મને શીખવ્યું છે કે હું પણ કંઈક અદ્ભુત કરી શકું છું. તું મળ્યો એ પહેલાં હું નિશાળની એક પગારદાર શિક્ષિકા માત્ર હતી. કેમ ભણાવવું જોઈએ એ તો તું મળ્યો પછી જ સમજાયું. ચોપડાઓમાં રહેલા વિષયોની સાથે બીજું કંઈક પણ ભણવાની—ભણાવવાની દૃષ્ટિ તો તેં જ મને આપી હતી. એ માટે હું પણ તારી ઋણી બની ગઈ છું. મને એક શિક્ષકની સાથે એક માણસ પણ બનાવવા માટેનું તારું એ ઋણ હું ક્યારે ચૂકવી શકીશ?...' મિસિસ થોમ્પ્સન પણ આગળ કંઈ ન બોલી શક્યાં. ટેડ એમના ચરણમાં નમી પડ્યો. મિસિસ થોમ્પ્સનનો હાથ ટેડને આશીર્વાદ આપવા લંબાયો. એ હાથમાં એમણે પેલું તૂટેલું શંખલાનું બ્રેસલેટ પહેર્યું હતું...

★ ઋગ્વેદ કહે છે. ''બધી દિશાઓમાંથી અમને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ'' એ વિચાર બેથલહેમ, જેરુસલેમ, મક્કા કે વારાસણીથી આવે તોય એ શુભ હોય તો અમને સ્વીકાર્ય છે. કોઈ પણ વિચાર પારકો નથી હોતો. વિચારને પગ નથી હોતા, પાંખો હોય છે. સરહદો પગને નડે છે, પાંખોને નહીં. પક્ષીઓ મેકમોહન રેખા નથી સ્વીકારતાં.

# શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિ શું શક્ય છે?

—જ્યોતિબહેન થાનકી

## ઉત્તમ સંતાન સાધના

**આપણા ઋષિમુનિઓએ આપેલા સોળ સંસ્કારમાંનો સહુથી પ્રથમ સંસ્કાર એ ગર્ભાધાન સંસ્કાર છે. તેમાં પતિ—પત્ની બંને પવિત્ર યજ્ઞ કરીને, મન, પ્રાણ, દેહની શુદ્ધિ કરીને પરમાત્માને ઉત્તમ સંતાન માટે પ્રાર્થના કરે અને પછી હૃદય અને મનમાં પવિત્ર ભાવ રાખીને શુભ મુહૂર્તે ગર્ભાધાન સંસ્કાર કરે.**

''બેટા, લગ્નને ત્રણ વર્ષ થઇ ગયાં છે. હવે તમે બાળદેવની પગલીઓથી આ ઘરને પવિત્ર કરી દો.'' પુત્રવધૂને સસરાએ કહ્યું.

''હા પિતાજી, અમે એ માટે વિચારીએ જ છીએ. પણ મારે તો નીલી આંખોવાળી સુંદર મજાની બાળકી જોઇએ છીએ.'' અસંખ્ય લોકોને ગર્ભસંસ્કાર દ્વારા ઇચ્છિત સંતાનો મેળવવા માટેનું માર્ગદર્શન આપી રહેલા સસરાજીને પુત્રવધૂએ કહ્યું.

''હા, જરૂર તમે એવી બાળકી મેળવી શકશો. પરંતુ એ માટે તમારે પ્રથમ તો દૃઢ સંકલ્પ કરીને પછી દિવ્ય આત્માનું આહ્‌વાન કરી, મન, ચિત્ત અને દેહને શુદ્ધ કરી ગર્ભાધાન સંસ્કાર કરવો જોઇએ. પછી જેવું બાળક ઇચ્છો છો, તેનું માનસિક ચિત્ર મનમાં દૃઢ કરીને રોજ તેવા બાળકનું આહ્‌વાન કરવું જોઇએ.'' પછી તો સસરાજીની દેખરેખ હેઠળ પુત્રવધૂએ સુંદર બાળકી માટેની સાધના શરૂ કરી અને તેના અપાર આશ્ચર્ય વચ્ચે નીલી આંખોવાળી સુંદર બાળકી જન્મી. આ ઘટના કોઇ પ્રાચીન કાળની નથી, પણ વર્તમાન સમયની જ છે. બેંગ્લોરમાં



ગર્ભસંસ્કાર અને ગર્ભધાનનું કેન્દ્ર ચલાવતા ઋષિ પ્રભાકરના ઘરની જ વાત છે. એ નીલી આંખોવાળી સુંદર બાળકીની વિડિયો ઝલક પણ એમણે બતાવેલી છે.

ભારતમાં આ વિજ્ઞાન કંઇ નવું નથી. આપણા ઋષિમુનિઓએ આપેલા સોળ સંસ્કારમાંનો સહુથી પ્રથમ સંસ્કાર એ ગર્ભાધાન સંસ્કાર છે. તેમાં પતિ—પત્ની બંને પવિત્ર યજ્ઞ કરીને, મન, પ્રાણ, દેહની શુદ્ધિ કરીને પરમાત્માને ઉત્તમ સંતાન માટે પ્રાર્થના કરે અને પછી હૃદય અને મનમાં પવિત્ર ભાવ રાખીને શુભ મુહૂર્તે ગર્ભાધાન સંસ્કાર કરે. એ વખતે તેમના મનમાં જેવા ભાવો હોય છે, તેવો આત્મા આવે છે. શું ખરેખર ઉત્તમ આત્માઓને જન્મ ધારણ કરવા બોલાવી શકાય? આવા એક પ્રશ્નના ઉત્તરમાં પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમના ભક્તોએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં **શ્રીમાતાજીએ જણાવ્યું હતું કે, ''ચૈત્ય લોકમાંથી આત્માઓ જન્મ લેવા માટે પૃથ્વી પર દૃષ્ટિ ફેંકે છે, એવા ઉચ્ચ આત્માઓને પતિ—પત્નીની ઉત્તમ સંતાન પ્રાપ્તિની અભીપ્સા તથા પ્રાર્થનાનું જ્યાં વાતાવરણ હોય ત્યાં એક જાતનો પ્રકાશ દેખાતો હોય છે અને તેઓ એવા પ્રકાશમય વાતાવરણમાં આવવાનું નક્કી કરે છે.''**

આ રીતે ઉચ્ચ આત્માઓના અવતરણ માટે પતિ—પત્ની બંનેએ શુદ્ધ મનથી પ્રાર્થના કરવી જોઇએ. તેનાં ઘણા ઉદાહરણો આપણી પાસે છે. શિવગુરુ અને આર્યમ્બાએ પુત્રપ્રાપ્તિ માટે ભગવાન શંકરની આરાધના કરી હતી. પરિણામે ભગવાન શિવે પ્રસન્ન થઇ કહ્યું કે, ''તમારે ત્યાં હું જ અંશાવતાર તરીકે આવીશ.'' અને જેમણે બત્રીસ વર્ષના આયુષ્યકાળમાં સમગ્ર આર્યાવર્તમાં હિંદુ ધર્મની પુનઃ પ્રતિષ્ઠા કરી, તેનું સંગઠન કર્યું તે શંકરાચાર્ય જન્મ્યા.

બીજું દૃષ્ટાંત માતા જીજાબાઈની પ્રાર્થનાનું છે. તેમણે મા ભવાનીને પ્રાર્થના કરી હતી કે, ''આતતાયીઓથી રક્ષણ કરી દેશનુ સંગઠન કરે તેવા વીરપુત્રની મને માતા બનાવ.'' આવી ઉત્કટ પ્રાર્થનાને પરિણામે તેઓ શિવાજી જેવા વીર પુત્રની માતા બન્યાં.

ત્રીજું દૃષ્ટાંત છે, બંગાળના સુપ્રસિદ્ધ વકીલ વિશ્વનાથ દત્ત અને તેમના પત્ની ભુવનેશ્વરીનું. પોતાના એક પુત્રનું મૃત્યુ થતાં ભુવનેશ્વરી દેવીએ બીજા પુત્ર માટે ભગવાન શિવની આરાધના કરી. એક વરસ સુધી ભગવાન શિવનું વ્રત કર્યું અને તેમને ત્યાં શિવની કૃપાથી પુત્ર જન્મ થયો, જેણે સ્વામી વિવેકાનંદ રૂપે સમગ્ર વિશ્વમાં હિન્દુ ધર્મની મહાનતા અને ભારતીય સંસ્કૃતિના ગૌરવને પુનઃ પ્રતિષ્ઠિત કર્યું.

આ રીતે ઉત્કટ પ્રાર્થના અને તપશ્ચર્યા દ્વારા પતિ–પત્ની દિવ્ય આત્માને પોતાના બાળક તરીકે આવવા બોલાવી શકે છે. આ સંદર્ભમાં પણ શ્રીમાતાજીએ કહ્યું હતું કે, ''હેતુપૂર્વક ગર્ભધારણ કરવો અને તેમાં સચેતન અભીપ્સા કરવી, દિવ્ય આત્માને આહ્‌વાન કરવું, આધ્યાત્મિક ઉત્કટતા દાખવવી અને અકસ્માત રૂપે ગર્ભ ધારણ કરવો, જરા પણ ઈચ્છા ન હોય અને ગર્ભધારણ થઈ જાય તેમાં ખૂબ ખૂબ તફાવત છે.'' આ સંદર્ભમાં સ્વામી વિવેકાનંદ પણ કહે છે કે, ''પતિ–પત્નીની સહુથી મહાન પ્રાર્થના તો આ જગતમાં પ્રચંડ શક્તિથી સભર આત્માને લાવવા માટેની છે. આ કંઈ રમત છે? ઉશ્કેરાયેલા જ્ઞાનતંતુઓનું શમન માત્ર છે. આ કંઈ રમત છે? કેવળ પાશવી દેહભોગ છે? હિન્દુ ધર્મ કહે છે, ના, હજાર વાર ના.'' એટલે કે પતિ–પત્ની એક મન–એક હૃદય બની પરમાત્માને દિવ્ય બાળક માટે



પ્રાર્થના કરે અને દિવ્ય આત્મા એમને ત્યાં જન્મ ધારણ કરે એ કંઈ નાની સૂની ઘટના નથી.

આજે પણ એવાં યુગલો છે કે જેમણે દિવ્ય બાળકો માટે પોતાની જાતને તૈયાર કરીને દિવ્યાત્માનું આહ્‌વાન કર્યું હોય! શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીની કૃપામાં અનન્ય શ્રદ્ધા ધરાવનાર એક યુગલે જ્યારે સંતતિ માટે ઈચ્છા કરી ત્યારે તેઓ બંને પોંડિચેરી આશ્રમમાં શ્રીઅરવિંદ અને શ્રીમાતાજીની સમાધિ પાસે બેસીને દરરોજ ધ્યાન કરતાં. પ્રાર્થના કરતાં કે તેમને દિવ્ય ચેતનાવાળું બાળક જોઈએ છે. શ્રીમાતાજીના વાર્તાલાપમાં જે રીતે કહ્યું હતું તે પ્રમાણે તેઓએ પોતાની જાતને તૈયાર કરી. પછી યથાસમયે એમને ત્યાં પુત્ર જન્મ્યો. તે ખરેખર એમની ઈચ્છા પ્રમાણેનો બાહ્ય દેખાવે તો સુંદર હતો પણ આંતરિક રીતે ખૂબ જ જાગૃત ચેતનાવાળો હતો. જેમ જેમ તેનો વિકાસ થતો ગયો તેમ તેમ તેની આંતરિક શક્તિઓ પ્રગટ થતાં માતા–પિતા પણ આશ્ચર્યમાં પડી જતાં.

આવાં અનેક ઉદાહરણો આધુનિક યુગમાં પણ મળી આવે છે. તેના ઉપરથી કહી શકાય કે, માતાપિતાની આંતરિક ઈચ્છા, આત્માઓના આહ્‌વાન માટે ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. દિવ્ય આત્માઓ પૃથ્વી ઉપર આવવા તૈયાર હોય છે, પણ એમને માટે વાતાવરણ જોઈએ. માતાપિતાની ઉચ્ચ ચેતના અને ઉત્કટ અભીપ્સા જોઈએ. રાગ–ભોગ, વાસના સંતુષ્ટિ અને આવેગમય સ્થિતિમાં અકસ્માત રૂપે ગર્ભધારણ થાય, તેમાં તો આસુરિક અને પાશવી જીવો જન્મે. દિવ્ય આત્માઓ કંઈ સહેલાઈથી પ્રાપ્ત થતા નથી. રામ માટે દશરથ અને કૌશલ્યાએ આગલા જન્મમાં મનુ અને શતરૂપા રૂપે આખો જન્મારો કઠોર

તપ કર્યું, ત્યારે બીજા જન્મમાં સાક્ષાત્ ભગવાન એમને ત્યાં રામ સ્વરૂપે આવ્યા. દિવ્ય આત્માનું આહ્વાન પતિ–પત્ની ત્યારે જ કરી શકે કે જ્યારે તેમનું મન શુદ્ધ અને પવિત્ર હોય અને ચેતનાની ભૂમિકા ઊંચી હોય. એ સ્થિતિમાં ઉત્કટ પ્રાર્થના કરવાથી દિવ્ય આત્માઓ જરૂર આવે છે.

ઉત્તમ સંતાન સાધના માટે સંતાન ગોપાલ સ્તોત્ર પણ છે. પતિ–પત્નિ બંને શ્રદ્ધાપૂર્વક તેનો નિત્ય પાઠ કરે તો અવશ્ય ઉત્તમ બાળક પ્રાપ્ત થાય છે. કેટલાંક દંપતીઓએ આ સ્તોત્ર પાઠ દ્વારા ઉત્તમ ચેતનાવાળા બાળકો પ્રાપ્ત કર્યાં છે. આ સમગ્ર સ્તોત્રમાં શ્રીકૃષ્ણ ભગવાનને ઉત્તમ બાળક આપવા માટેની સ્તુતિ સો શ્લોકોમાં આપેલી છે. જો આ સો શ્લોકોનો નિત્ય પાઠ ન થઈ શકે તો તેના મંત્રરૂપ એક શ્લોકનો જપ કરવાથી પણ ઉત્તમ સંતાનની પ્રાપ્તિ થઈ શકે છે. આ મંત્રરૂપ શ્લોક છે...

**ૐ દેવકીસુત ગોવિંદ, વાસુદેવ જગત્પતે।**
**દેહિ મે તનયં કૃષ્ણ ત્વામહં શરણાગતઃ ॥**

"હે દેવકીપુત્ર ગોવિંદ, હે વાસુદેવ, હે જગત્પતિ કૃષ્ણ, હું તમારા શરણમાં છું, મને પુત્ર આપો."

આપણા શાસ્ત્રોમાં પણ ઉત્તમ બાળકો મેળવવા માટેની પ્રાર્થનાઓ, યજ્ઞો અને તપશ્ચર્યા કર્યાની અનેક કથાઓ વર્ણવાયેલી છે. રાજા અશ્વપતિએ અઢાર વર્ષ સુધી તપ કર્યું અને યમને પરાસ્ત કરે તેવી અદ્વિતીય પુત્રી સાવિત્રી મા ભગવતી પાસેથી મેળવી. રાજા દશરથે પુત્ર કામેષ્ટિ યજ્ઞ કર્યો અને રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન જેવા આદર્શ પુત્રો મેળવ્યા. આ બધી કથાઓ અને આધુનિક યુગના ઉદાહરણો દ્વારા એટલું તો સ્પષ્ટ જ થાય છે કે માતા–પિતા જેવું ઇચ્છે તેવું સંતાન મેળવી શકે છે.



# પ્રલોભનોએ મન પર વિજય ના મેળવ્યો

—કિશોર મકવાણા

**સ્વામી વિવેકાનંદના સંમોહક વ્યક્તિત્વથી અનેક યુવતીઓ એમની તરફ ખૂબ આકર્ષિત થઈ. તેઓ સમવયસ્ક યુવતીઓમાં પણ બહેનનાં અને ઉંમરલાયક સ્ત્રીઓમાં પોતાની માતાનાં દર્શન કરતા.**

**શ્રી**રામકૃષ્ણના દેહાવસાનના થોડાક જ મહિના પછી વિવેકાનંદજીએ સંપૂર્ણ ભારતવર્ષનું ભ્રમણ કરી ભારતમાતા, ભારતનાં પાવન તીર્થધામો, પવિત્ર નદીઓ અને ભારતના લોકોનાં દર્શન કરવાનો નિર્ણય કર્યો. ભારતભ્રમણ દરમિયાન સ્વામીજી અનેક પ્રાંતોમાં ફર્યા. કેટલાય માણસો એમનાં દર્શન, સાંનિધ્ય, ઉપદેશ અને ભાવસંચારથી કૃતાર્થ થયા.

સ્વામીજી જેને પણ મળતા, પૂર્ણ આત્મીયભાવથી મળતા. સ્વામીજી ચેન્નાઈમાં જ હતા ત્યાં ખેતડીના મહારાજાના દીવાન જગમોહન મુનશી એમને શોધતા શોધતા આવી પહોંચ્યા. એમણે મહારાજા વતી સ્વામીજીના ચરણને માથે ચડાવી અને પ્રાર્થના કરી કે તમને એક–બે દિવસ માટે ખેતડી પધારવા મહારાજાએ વિનમ્ર અનુરોધ કર્યો છે. આ પ્રાર્થનામાં એટલી આત્મીયતા, સ્નેહ અને લાગણી હતાં કે સ્વામીજી ખેતડી જવા તૈયાર થઈ ગયા.

ખેતડીથી જ સ્વામીજીએ શિકાગોના વિશ્વ ધર્મ સંમેલનમાં ભાગ લેવા માટે પ્રસ્થાન કર્યું. જ્યાંથી ભારતમાતાનો મહિમા દિગ્દિગંતમાં વ્યાપ્ત થવાનો હતો! ખેતડીના મહારાજાએ એમને

કેસરી પાઘડી અને ભગવો ઝભ્ભો ભેટ સ્વરૂપે અર્પણ કર્યા. વિદાય વેળાએ સ્વામીજીનો ચરણસ્પર્શ કરી મહારાજાએ બંને હાથ જોડી કામના વ્યક્ત કરી, 'સ્વામીજી તમે વિશ્વવિજયી થશો.'

અમેરિકાની ધરતી પર સ્વામીજી હિન્દુ ધર્મની વિજયપતાકા લહેરાવી રહ્યા હતા. ચારે બાજુ વિવેકાનંદના નામનો જાદુ ફેલાઇ ગયો હતો.

સ્વામી વિવેકાનંદના સંમોહક વ્યક્તિત્વથી અનેક યુવતીઓ એમની તરફ ખૂબ આકર્ષિત થઇ. પ્રલોભનોએ ક્યારેક યા યુવાન સંન્યાસીના મન પર વિજય મેળવ્યો નહીં. તેઓ સમવયસ્ક યુવતીઓમાં પણ બહેનનાં અને ઉંમરલાયક સ્ત્રીઓમાં પોતાની માતાનાં દર્શન કરતા.

લગ્ન પછી શ્રીમતી ગિબિન્સે ન્યુયોર્કમાં સ્વામીજીના પ્રવાસ વિશે પોતાનાં સંસ્મરણોમાં લખ્યું છેઃ 'એ દિવસોમાં સ્વામીજી સુંદર દેખાતા હતા. ઓપેરા હાઉસમાં એમની આસપાસ બેઠેલા લોકો મુગ્ધ થઇ તેમની તરફ એવી રીતે જોઇ રહ્યા હતા કે એ રાત્રે એમણે ઓપેરા સાંભળ્યું સુધ્ધાં નહીં.' સ્વામીજીના શિકાગો પ્રવાસ દરમિયાન ફ્રાંસની સુપ્રસિદ્ધ ગાયિકા માદામ એમ્મા કાલવે એમની પ્રશંસક બની ગઇ.

એક ઓપેરા કંપનીની સાથે તે ફ્રાંસથી અમેરિકા આવી હતી. તેણે સ્વામીજી વિશે ખૂબ સાંભળ્યું હોવાથી, એ એમને મળવા ગઇ. માદામ કાલવેની દીકરી આગમાં સળગીને મૃત્યુ પામી હતી. એથી દુઃખી હતી. એક વાર તેણે આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો. આ આંતરિક વ્યથા તેને સ્વામીજી પાસે લઇ આવી. સ્વામીજીએ આ પહેલાં ક્યારેય એને જોઇ ન હતી કે



એના વિશે સાંભળ્યું પણ નહોતું. એ ફ્રાંસીસી ગાયિકા સ્વામીજીને મળવા ગઇ.

એણે સ્વામીજી સાથેની પોતાની મુલાકાત વિશે પાછળથી લખ્યું હતુંઃ તેઓ એ સમયે શાંતભાવે ધ્યાનની મુદ્રામાં બેઠા હતા. થોડી વાર પછી દૃષ્ટિને ઉપર ઉઠાવ્યા વિના તેઓ કહેવા લાગ્યા, 'દીકરી, તું કેવા અશાંત આવરણથી વીંટળાયેલી છે! શાંત થઇ જા. એ ખૂબ જરૂરી છે.' એ પછી એ માણસે જે મારું નામ સુધ્ધાં જાણતા ન હતા, ધીરજથી શાંત સ્વરે મારા જીવનની ગોપનીય સમસ્યાઓ તથા ચિંતાઓ વિશે અનેક વાતો કહી. એમણે એવી વાતો પણ કહી જે કદાચ મારા પરમ અંતરંગ મિત્રોને પણ ખબર ન હતી. મને લાગ્યું, આ કંઇક અલૌકિક છે, અપ્રાકૃતિક છે. અંતે મેં પૂછ્યું, 'તમને આ બધું કેવી રીતે જાણવા મળ્યું? મારા વિશે તમને કોણે કહ્યું,' મૃદુ સ્મિત સાથે આંખો ઊંચી કરી તેમણે મારી તરફ જોયું, હું એક બાળની જેમ કોઇ નિરર્થક પ્રશ્ન પૂછી બેઠી હોઉં. સૌમ્યતા સાથે તેઓ બોલ્યા, 'મને કોઇએ જણાવ્યું નથી અને જણાવવાની જરૂર પણ શું છે? હું ખુલ્લા પુસ્તકની જેમ તમારું ભીતર વાંચી શકું છું.'

એ ફ્રાંસીસી ગાયિકા આગળ લખે છેઃ મારો પાછા ફરવાનો સમય થઇ ગયો. હું ઊભી થઇ એટલે તેઓ બોલ્યા, 'વીતી ગયેલી વાતોને ભૂલી જાઓ. પુનઃ આનંદ અને ઉત્સાહનું જીવન વ્યતીત કરો. એકાંતમાં બેસી દુઃખદ પ્રસંગોનો વિચાર ન કરો. તમારી ભાવનાઓને વિવિધ પ્રકારે બાહ્ય અભિવ્યક્તિ આપો. તમારા આધ્યાત્મિક જીવન માટે એની આવશ્યકતા છે અને તમારી કલા માટે પણ એ જરૂરી છે.' એમના પ્રભાવી શબ્દો તથા વ્યક્તિત્વથી અત્યંત મુગ્ધ થઇ હું પાછી ફરી. જાણે—

અજાણે મારા વ્યથિત મનની બધી કુંઠાઓને દૂર કરી એને પવિત્ર અને શાંતિમય ભાવોથી પરિપૂર્ણ કરી દીધું હોય એવું લાગતું હતું. એમની દૃઢ ઇચ્છાશક્તિના પ્રભાવથી મારું મન વિશ્વાસ અને આનંદથી પરિપૂર્ણ થઈ ગયું.

અમેરિકાની એક જાણીતી મૂર્તિકાર મોલરિના હાફમેન સ્વામી વિવેકાનંદના સંપર્કમાં આવી. એમના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈ. 'હેડ્સ એન્ડ ટેલ્સ' નામના પુસ્તકમાં તે લખે છેઃ 'મારા જીવનની એ યાદગાર સંધ્યા મેં મારા પિતાના એક સંબંધીને ત્યાં પસાર કરી હતી. તેઓ ન્યુયોર્કમાં ૩૮મી સ્ટ્રીટમાં આવેલા એક સામાન્ય બોર્ડિંગ હાઉસમાં રહેતા હતા. એક દિવસ ત્યાં એક નવી જ વ્યક્તિનો પરિચય કરાવાયો. એ હતા સ્વામી વિવેકાનંદ. તેઓ ભોજનખંડમાં પ્રવેશ્યા એ સાથે જ બધા એકદમ શાંત થઈ ગયા. એમના વ્યક્તિત્વમાં રહેલી શાંતિ અને શક્તિની છાપે મારા પર અમીટ પ્રભાવ પાડ્યો...'

અમેરિકી સ્ત્રી બાગલેએ ડેટ્રોઇટમાં સ્વામી વિવેકાનંદને સાંભળ્યા હતા. એ સ્ત્રી સ્વામીજીની વાણીથી એટલી પ્રભાવિત થઈ કે એમણે પોતાના એક મિત્રને પત્રમાં લખ્યુંઃ 'એમને જાણીને પ્રત્યેક મનુષ્યનું જીવન ઉત્કૃષ્ટ થઈ જશે. હું ઇચ્છું છું કે અમેરિકાની પ્રત્યેક વ્યક્તિ વિવેકાનંદને જાણે અને ભારતની પાસે એમના જેવા બીજા હોય તો એમને પણ મોકલે.'

★ સફળતા એટલે જે ગમે તે મળે, સુખ એટલે જે મળે તે ગમે.



# પ. પૂ. મા સર્વેશ્વરીનો જન્મોત્સવ

—સંકલન તંત્રી

પરમ પૂજ્ય મા શ્રી સર્વેશ્વરીનો જન્મ કારતક વદ ૨ ને ૧૯૪૩ ના નવેમ્બર મહિનાની તારીખ ૧૩ ના રોજ છે. એ રીતે સને ૨૦૧૪ ના આ દિવસે પૂ. માએ ૭૨ મા વર્ષમાં પ્રવેશ કર્યો.

સામાન્ય માણસો પોતાનો જન્મદિન સરસ મજાનાં ખાવાપીવા ને મિત્રોને આમંત્રી ભેટ સોગાદો મેળવી, કેક કાપી ઉજવે. પૂ. માના જેવા સંતના જીવનમાં આવું કાંઈ ના મળે.

પૂ. માના જન્મદિવસ સ્વર્ગારોહણમાં વહેલી સવારના ધ્યાન ને સવારની પ્રભાતફેરી પછી સત્કર્મથી પ્રારંભ પામ્યો. તેમાં લાકડાના ભારા માથે લઈ વેચવા આવતા આદિવાસી ભાઈબેનોને સ્ટીલની ડીશ, પ્યોલો ને ટુવાલ, ચીકી, બીસ્કીટ ને બુંદીનો પ્રસાદ શ્રી રીટાબેન તેમજ બીજાઓના હાથે વહેંચવામાં આવ્યો. તેમાં બીજા અભાવગ્રસ્ત આદિવાસી ભાઈબેનોને પણ સમાવી લીધા. ચીકીનો પ્રસાદ શ્રી વિજયભાઈ કનેરીયા તરફથી હતો.

તે પછીના કાર્યક્રમમાં પૂ. મા પધારતાં સાધકભાઈબેનોએ 'ૐ મા જય મા'ની ધૂનથી તેમનું સ્વાગત કર્યું. તો આ પ્રસંગે ખાસ પધારેલ સંસ્કૃતના પ્રો. શ્રી લક્ષ્મેશભાઈ જોષીએ વેદોક્ત સ્વસ્તિવાચક મંત્રોના ગાનથી સાધકો વતી પૂ. માનું અભિવાદન કર્યું.

આ નિમિત્તે સર્વમંગલ ટ્રસ્ટના સેવકોએ પૂ. માને એક અનોખી ભેટ ધરી. એ ભેટ રંગીન કાગળનું બનાવેલું મોટું

કમળફૂલ હતું. જેની ૭૨ પાંખડીઓ હતી જે દરેક પાંખડી પર પૂ. માના જીવનના સર્વોત્તમ ગુણો છાપ્યા હતા. આ અનોખી ભેટ પૂ. માને ધરવા જન્મદિન નિમિત્તે ઉપસ્થિત ત્રણ વૃદ્ધ સાધકો શ્રી નારાયણભાઇ જાની, શ્રી લક્ષ્મેશભાઇ જોષી ને માજી મેનેજર શ્રી બાલુભાઇને પસંદ કરવામાં આવ્યા હતા. તેઓએ પૂ. માની સાધનાત્મક વિશેષતાઓ વર્ણવી—તેઓના દીર્ઘાયુ માટેની મંગલ કામના અભિવ્યક્ત કરી હતી.

પૂ. માનું જીવન જાણે તપ, સાધના ને નિયમોના પરિમાણો (Mile stone) પ્રસ્થાપિત કરવા પ્રભુએ સર્જ્યું ના હોય એવું લાગે.

આ જન્મદિન પૂર્વે પાંચ દિવસનું એક અનોખું શ્રવણપર્વ સ્વર્ગારોહણમાં ઉજવાયું. આ શ્રવણ પર્વને અખંડ ધ્યાન, ધૂન, અને સંકીર્તનના કાર્યક્રમોથી સજાવવામાં આવ્યું. જપ અને તપ તો સ્વર્ગારોહણના અનિવાર્ય અંગો. વહેલી સવારે ૫ વાગ્યાથી રાત્રે ૧૨—૩૦ સુધીનો ભરચક કાર્યક્રમ રહેતો. તેમાં બપોરે ફળાહાર ને રાત્રે સાદુ ભોજન લેવાથી અલ્પ નિદ્રા પર્યાપ્ત થઇ રહેતી.

સાધકો માટે પૂ. માની ઉપસ્થિતિ જ નિયમ પાલન માટે પ્રોત્સાહક બની રહેતી કારણ પૂ. માનું જીવન જ જાણે તપ, તિતિક્ષા ને ચૂસ્ત નિયમ પાલનના હાલતા, ચાલતા, ફરતા તીર્થ સમાન જ છે. આ કાઇ મોટી વર્કશોપ (Work shop) ન હતી કે તેમાં મસમોટી ફી ન હતી. કેવળ સંયમપૂર્વકના જીવનદ્વારા સાધના કેવી રીતે કરી શકાય તેના પાઠ અહીં શીખવાના હતા.

આ શ્રવણયજ્ઞ દરમ્યાન સાધનમાં માણસને ઉપયોગી થાય



તેવા મોતી વીણીને શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદીએ આપ્યાં છે તે ખરે જ મૂલ્યવાન છે, તેનું વાંચન, શ્રવણ ને મનન સાધકમાત્રને ઉપયોગી થાય એવા છે તે નીચે પ્રમાણે છે :—

★ તત્ત્વજ્ઞાનની ભાષામાં કહીએ મનની જ માંદગી છે.

★ યોગીઓ દિવસે ઊંઘે અને રાત્રે જાગે.

★ મંકોડાની અને કીડી જેવી સંસારની માયા છે તેમ જાણીએ છીએ, છતાં તેમાં સૌ પડે છે.

★ માળા લઇને ઊંઘ આવતા સુધી જપ કરો. વિષયી જીવનો સ્વભાવ છે કે માળા લે તો ઊંઘ આવે. અનાદિ કાળથી માણસ ઊંઘતો અને જપતો આવ્યો છે. શ્રદ્ધા ન હોય તો ભગવાનનું નામ ન ગમે. ઊંઘ લાવવા માટે મંત્ર અને માળામાં મનને વાળવું.

કોઇક જ ભુક્તિ બદલે ભક્તિ તરફ વળે તો વળી મૃત્યુને ટાળે. સંતોની વાતો સ્વીકારે તો તે કામ લાગે.

★ ૧૦૦ કરોડ જન્મનું પુણ્ય ભેગું થાય ત્યારે મુક્ત થવાય.

★ સંસારની માયા એવી છે કે ભલભલાને ગુલાંટ ખવડાવી દે. જીવનમાં જપ, તપ, સાધના આવવા જોઇએ તે આવતાં નથી.

★ આત્માને જોઇ શકાતો નથી, અનુભવી શકાય છે. આત્માની શક્તિથી જ આપણે બોલી શકીએ છીએ. આત્મા પણ વ્યાપક છે. મન નિર્મળ થાય, મન સૂક્ષ્મ થાય તો ચૈતન્યને ઓળખી શકે છે.

★ ધર્મને માર્ગે ઘણા ભય સ્થાનો આવશે, જાગૃત રહીએ તો ના ભરમાઇ જવાય.

★ બીજા શું કરે અને ક્યાં ગયા તેના વિવાદમાં ના પડો. આપણે ક્યાં રહેવું અને ક્યાં જવું તે વિચારી લેવું. વધારે મહત્ત્વ આપણા જીવનના નિરીક્ષણ પરીક્ષણને આપો.

★ જીવનને શુદ્ધિકરણમાં ગાળો.

★ સત્સંગથી વિવેક દૃષ્ટિ આવે.

★ યજ્ઞ કરીને ખાનાર અમૃતની પ્રાપ્તિ કરી શકે.

★ ત્રણ વસ્તુ જગતમાં દુર્લભ તુલસીદાસજી કહે છે—સંત સમાગમ, સંત ને હરિકથા.

★ શંકરાચાર્ય કહે છે મનુષ્યત્વ દુર્લભ છે—મનુષ્ય છે, પણ માનવતા નથી.

★ યજ્ઞ, દાન, જપ, તપ ન કરનાર માણસ ખર (પશુ) જેવા છે, માનવતા મળવી દુર્લભ છે.

મુમુક્ષત્વ મુક્તિની ઇચ્છા થવી ઘણી દુર્લભ છજ. દુઃખ અશ્રદ્ધા રાગદ્વેષ વાસના અહંકારમાંથી મુક્તિ મેળવવી અઘરી છે.

★ સુર્ય તરફ જાવ તો છાયા આવે, છાયા તરફ જાવ તો કશું ન આવે. શરણ લેનારને પાછળથી બંને હાથમાં લાડુ મળે. મુક્તિને માર્ગે ચાલીએ તે પછી મુક્તિ મળે.

★ સંતનો આશ્રય લો તો સંત રક્ષા કરે. સંત મંત્ર આપે, વિધિ બતાવે, ઉદ્દેશ આપે અને એ પ્રમાણે ચાલીએ ને સત્કર્મ કરીએ તો આપણી રક્ષા કરે છે.

★ માનવોને મુક્તિ જોઇતી જ નથી, કોઇને લક્ષ્મી, કોઇને સંતાન જોઇએ, કોઇના સત્કર્મના સંસ્કારો જાગ્યા હોય તે જ મુક્તિ પામે. સંત સમાગમનો આશ્રય લે તો સંત રક્ષા કરે છે.



★ સાધક તરીકે વહેંચીને ખાવ, ત્યાગીને ભોગવો.

★ જાગૃતિ હોય તો મન સાથે સમાધાન મેળવી લો.

★ તીર્થ સ્થાનના પવિત્ર વાતાવરણમાં કોઇક અલૌકિક શક્તિ હોય છે, ત્યાના પરમાણુ સાધકને સહાયક બનતા હોય છે.

★ માનવ સંસારમાં સારી રીતે રહી શકે છે. માનવતાથી મંડિત થવું તે ધ્યાનમાં બેસનાર સાધકો માટે જરૂરી છે.

★ કમળની જેમ અલિપ્ત રહી કર્તવ્ય કરી છૂટીએ, માનવ ધર્મની ઉપાસના કરીએ. સાચા અર્થમાં માનવ બનાવનાર ધર્મ માનવ ધર્મ.

★ રાગી અને ત્યાગી બંનેને માર્ગદર્શન મળે જ.

★ મંત્ર જપનો નિયમ ૫૦ કે ૧૦૦ માળાનો રાખો અથવા અમુક કલાક ધ્યાન કરવું.

★ સવારે ને સાંજે વ્યક્તિગત પ્રાર્થનામાં બેસો.

★ હે પ્રભુ! મારી નિર્બળતાને દૂર કરો. નિર્મળ પ્રિય બનાવો. ભાવો વહાવો. પદ શ્લોક પણ બોલી શકાય. બાળકની જેમ સીધી વાત કરે તેમ આપણે પણ સીધી ભાષામાં વાત કરવી.

★ મૌન રાખો. ૮ થી ૧૦ મૌનમાં. લખીને પણ વાત ન કરવી.

★ કોઇ પણ પાઠ કરવાનો નિયમ લો.

★ રાત્રિ ભોજન બંધ કરી ફળ લો.

★ બપોરની નિદ્રાના ત્યાગનો નિયમ લો.

★ અધ્યાત્મ સિવાયની બીજી સંસારી વાતો ન કરવી તે નિયમ લઇ શકાય.

★ રોજનિશી લખવાનો નિયમ લો, તો સારું છે તે જાગૃતિ લાવે.

★ પોતાનું કામ પોતે કરવું અને બીજાને પણ મદદરૂપ થવું.

★ ચ્હા ન પીવી, એ વ્યસન છે, શક્ય હોય તો તેનો ત્યાગ કરો.

★ દિલનું ઉદ્‌ઘાટન જરૂરી છે. સદ્‌ભાવના પ્રગટ કરો. નામ જપ પર ભાર મૂકો.

★ પદ્માસન જપ કે પ્રાર્થના માટે છે ભોજન માટે સુખાસન જણાવ્યું છે.

★ સતત નામસ્મરણની ટેવ પાડો. હાલતા, ચાલતા, ઉઠતા–બેસતા નામ લેવાની ટેવ પાડો. લેખિત જપ શરૂઆતમાં સારા, જપ કરતા કરતા શાંતિથી બેસવાની ટેવ પાડો.

★ ઉતાવળ કર્યાવિના ધીમેથી શુદ્ધ રીતે બોલવાની ટેવ પાડવી. કોઈપણ સંતના ફોટા હોય તેને માનથી જોઈએ, કટ્ટરતા નહીં પણ સન્માનની ભાવનાથી જોવા જોઈએ, ઉદારતા કેળવવી જોઈએ.

★ પ્રેમ સાધના છે. ભક્તિમાર્ગમાં એકાંગ દર્શન થાય છે, પ્રેમ પરાકાષ્ટાએ પહોંચે ત્યારે સહજ ધ્યાન થઈ જાય છે. નામ–જપ કરતાં કરતાં ધ્યાન થઈ શકે. ધ્યાનમાં મન સ્થિર કરી યોગી દર્શન કરે છે દોષો જેના ક્ષીણ થાય છે તે દર્શન કરી શકે. ધ્યાનથી આવેગ ઉશ્કેરાટ ઓછા થાય છે, શાંતિ મળે છે. બીજી શક્તિઓનો પ્રાદુર્ભાવ થાય છે.

★ જપ કરો. તન મનની શાંતિ આત્મનિરિક્ષણ કરો. બને



તેટલા સમયનો સદુપયોગ કરો.

★ સંતો પ્રત્યે પ્રેમ થવો તે માટે સંસ્કાર જોઈએ. જીવનું કોઈ પુણ્ય હોય તો સંત પ્રત્યે આકર્ષણ જાગે.

★ થવા કાળ હોય ત્યારે તેવી બુદ્ધિ સૂઝે કે હું બધું સારું જ કરું છું. પરિક્ષિતનું દૃષ્ટાંત યુધિષ્ઠિરનું જુગાર રમવાનું દૃષ્ટાંત. કુદરત આગળ કોઈ ડાહ્યું નથી.

★ જ્યાં સુધી ભવરોગ લાગ્યો છે ત્યાં સુધી માંદગીની રજા લઈ શકાય.

પૂ. માના જન્મદિન નિમિત્તે જાણીતા ગાયક શ્રી દેવનભાઈ દવેએ એમની મંડળી સાથે આવી, સાધકોને એમના સૂરીલા કંઠે ભજનો સંભળાવી, ઉપકૃત કર્યા. પૂ. માએ પણ એમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહી તેમને પુરસ્કૃત કરી સન્માન કર્યું.

પૂ. મા પૂજ્યશ્રી સાથે કેવી રીતે જોડાયાં ને પૂ. મા પ્રારંભથી જ કેવી ઉત્કટ સાધનાના કઠોર નિયમો પાળતાં તે અંગેનું એક સરસ પ્રવચન પૂ. શ્રીની (ડીવીડી)વાણીમાં સાંભળી સાધકો સાચે જ અભિભૂત થયા. પૂ. શ્રીની વાણી સાંભળી સહુને લાગ્યું કે **"હરિનો માર્ગ છે શૂરાનો કાયરનું નહિ કામ જોને"** એ સાચું જ છે, આધ્યાત્મિક ક્ષેત્રે અગ્રેસર થવામાં પૂ. માએ ખૂબ ભારે પરિશ્રમ ઉઠાવી, પોતાની જાતને તૈયાર કરી આ કક્ષાએ પહોંચ્યાં છે, સતત જાગૃતિ ને પ્રખર પુરુષાર્થે આપની શ્રદ્ધા પ્રમાણેનું પરિણામ આપ હાંસલ કરી શક્યા છો. ધન્ય છે આપની સતત જાગૃતિ, તપ, તિતિક્ષા, શ્રદ્ધા ને પુરુષાર્થને!

# Dialogue with the Lord During Meditation

**–Jayadayal Goyandka**

Let the Sadhaka retire to a solitary place and take his seat in a Yogic posture like the Swastika, Siddha or the Lotus, on a seat made either of the holy Kusa grass or of wool, keeping his spine erect, and without feeling any inconvenience. Let him then withdraw his senses from any inconvenience. Let him then withdraw his senses from their respective objects and renouncing all worldly thoughts make the mind totally void of impressions. Thereafter let him invoke the Lord, the Diety of his heart, in a pure state of mind, free of sloth and full of dispassion. He should know that when the Lord will appear before him during meditation, the mind will be full of joy, peace and light and although his eyes may remain closed he will, as if, see the whole universe lighted up by a supernatural light. Where there is peace there will be no distraction, and where the light of knowledge



shines there will be no sleep or sloth. He should firmly believe that when God is invoked and prayers are offered to Him, the Lord appears before the devotee during meditation. There should be no difficulty in meditating on the form of one's favourite diety. If it is said that one can meditate upon only an object already perceived but it is not possible to meditate on an entirely unknown object; correct, but meditation on a divine form is possible by reading the description of a form in the scriptures or hearing the same from the lips of saints, or selecting a picture of the Deity which appeals to one's heart. Therefore the Sadhaka should invoke the Deity by closing his eyes. If such invocation fails to bring the Lord, let him loudly chant His names and virtues, offer Him prayers and hymns and go on repeating the invocation with full faith and love in a voice choked with emotion. Full of hope that the Lord will come, and expectant of His arrival, let the devotee chant the hymn–

**एक बात मैं पूछहु तोही । कारन कवन बिसारेहु मोही ॥**

"(O Lord) one thing I ask Thee. Why hast

Thou forgotten me."

Let him, then, believe that the Lord has appeared before him, and stands in the air at a distance of about two feet from him. Carefully observing every part of that divine form, from feet to head, let him chant–

नाथ सकल साधनकर हीना। कीन्ही कृपा जानि जन दीना॥

"O Lord, I have no spiritual practice to my credit, and yet You have shown me Your favour finding me poor and helpless. I possess nothing on the strength of which I can claim Your vision even in meditation. But You have granted me this vision knowing me to be humble in spirit."

Thus on the appearance of the Lord during meditation, the Sadhaka will start conversation with Him:–

Sadhaka–O Lord, why do You take such a long time to appear even at the time of medititition? Why do You not come the moment You are sought? Why do You keep one longing for such a length of time.

Lord–In keeping you longing lies your greatest good.

Sadhaka–I do not understand what good



lies in the longing. I think good lies only in Your instant appearance.

Lord–There is a special gain in the delay in My appearance. The separation is then intensely felt and the desire for union is accentuated. Appearance at that state leads to a special kind of joy. When there is intense hunger, food tastes sweet like nectar.

Sadhaka–Very well. But if the appearance is much delayed, the Sadhaka being disappointed, may give up his meditation.

Lord–If faith in Me is so weak that delay in My appearance may tire out the Sadhaka and cause him give up meditation, what purpose will be served by My appearing before him?

Sadhaka–All right. But Your appearance will increase his fascination in You. That will make him intensify his spiritual efforts. Therefore, it seems to me proper that You should appear the moment a Sadhaka calls out for You.

Lord–Proper is that what I Myself consider to be proper, and I do only that which is proper.

Sadhaka–O Lord, I should certainly assume as You say, but the mind is exceptionally base. It prevents me from accepting it. What You say is no doubt the truth, and yet I like that You should appear the moment I call you. Please tell me what is the nature of that cry which, when uttered even once, compels You to appear.

Lord–I may appear like that when a Sadhaka gets restless on account of My separation even as the Gopis were or when he cries out through distress even as Draupadi and Gajendra did with love and faith in Me. Or, I may appear even unasked before a devotee, who like Prahlada, practises devotion without any interested motive.

**(To be continued)**


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭




# પૂ.માની વિદેશ યાત્રા

**–મા શ્રી સર્વેશ્વરી**

હરિરથ આજે વિના વિઘ્ને વિના વિશ્રામે, વિના વિક્ષેપે દોડી રહ્યો છે. કહો કે ઉડી રહ્યો છે.

હા. માત્ર સાડા છ કલાકમાં જ્યાંથી પ્રસ્થાન ત્યાં જ પાછા પહોંચી પણ ગયાં.

ના ટાયર ફાટ્યું કે ના કોઈ બાળક રડ્યું. ના પોલીસનું આવરણ નડ્યું કે ના રોડનું બાંધકામ નડ્યું. ના, કશું જ નહીં, ક્યાંયે પણ કોઈપણ પ્રકારની રૂકાવટ ના આવી.

શ્રી વિનોદભાઈએ પ્રસ્થાનમાં પણ કારપેટ પાથરી પોતાનો શ્રદ્ધા–ભક્તિ ભર્યો ભાવ વ્યક્ત કર્યો હતો. તો આગમન પર્વે પણ ફરી એજ કારપેટ પાથરી હાથ જોડી ઉભા હતા.

આવી ગયા. અરે, ઉપર પ્રણામ કર્યા. યાત્રાનો આખો અહેવાલ અપાયો.

આજની યુવામંડળીએ જાણે મા સાથેની પ્રથમ યાત્રાની પરીક્ષા આપી અને બધાંજ પહેલી પરીક્ષામાં સંપૂર્ણ સફળ બની ઝળહળતા થઈ ગયા.

યુવામંડળીને પણ આનંદ, બાળકોને પણ આનંદ અને મા ને પણ આનંદ.

આજની યુવામંડળીના આ રહ્યાં નામઃ–

દેવાંગ, અર્પિતા, મોક્ષ

પ્રશાંગ, જીજ્ઞા, કાવ્યા.

પિનાકિન, જોલી, પુણ્યા,

પ્રતીક, ક્ષીપ્રા.

સાથે એક વડીલ પણ હતા જે મુંબઈથી ફરવા આવ્યા છે. તે બેન પણ સરસ રીતે સૌમાં ભળી ગયાં છે.

એક દિવસની આ યાત્રા આનંદથી છલકાતી, મલકાતી, દોડતી, હસતી, રમતી, જમતી પૂર્ણ થઈ.

મા ભૂલ થઈ હોય તો ક્ષમા કરજો પણ પાછા આવી યાત્રાની તક આપજો. થેંક્યુ મા, થેંક્યુ મા, યુવામંડળીની વિદાયના આ શબ્દો હતા.

અરે, નાના ત્રણ બટૂકોએ પણ થેંક્યુ મા કહીને પ્રણામ કર્યા છે. સવારે ૭ થી પ્રારંભ પામેલી આ યાત્રા રાતે અરે, પ્રાતઃકાલે ૩ વાગ્યે પૂર્ણ થઈ. ૨૦ કલાક એકધારો શ્રમ માના શરીરને પણ હોય જ ને. છતાં અચરજની વાત છે કે એ જ શક્તિ, એ જ સ્ફૂર્તિ છે. યાત્રાના આરંભે જે હતી, તે જ યાત્રાના અંતે પણ છે.

શક્તિ, સ્ફૂર્તિ સ્વરૂપે શ્રી હરિ જાણે આ દેહની ફરતે આ જીવનની પ્રદક્ષિણા કરી રહ્યાં છે. વિશેષ રીતે સંભાળીને આ મારાં છે એવી કંઈક વિશેષ પ્રતીતિ કરાવી રહ્યાં છે.

અરે, આ યાત્રામાં નાયગ્રા ફોલ ઉપર સૌ મળ્યા. શ્રી રૂક્ષ્મણીબેન ધર્મા તરફથી એક નાનકડી ભેટ લાવ્યાં છે. નાના–નાના ત્રણ પાકીટ હતાં.

એક ગુલાબી રંગનું ગમ્યું છે. માએ તે પાંચ ડોલર આપીને રાખ્યું છે.

આઈપોડ મૂકવા એક પાકીટ જરૂરી હતું. માએ શ્રી ભાનુબેન પાસે કાપડનું હાથે કામચલાઉ તો બનાવી લીધું હતું.



નાનકડું પાકીટ પછી શોધીશું જેથી આઈપોડ રક્ષાયેલું રહે એવી ગણત્રી હતી. તો પ્રભુએ પાકીટ ધર્માને નિમિત્ત બનાવી મોકલી દીધું.

શ્રી હરિ માની નાની–નાની સાવ ક્ષુલ્લક વાત પણ પ્રેમથી સાંભળે. એક વિચાર પણ તેને પહોંચી જાય છે.

માને ક્યારે, શું જોઈશે. જાણે શ્રી હરિ માનો વિશેષ મિત્ર બની જાય છે ને તે તે વસ્તુ કે તે તે વ્યક્તિ સમયસર મા પાસે પહોંચાડી દે છે. શ્રી હરિની મમતાભરી માવજત છે!

હે ધર્મા, હે રૂક્ષ્મણીબેન તમને તો સપને પણ ખ્યાલ નથી કે તમે જે કંઈ મા પાસે મા માટે લાવો છો તે શ્રી હરિએજ પસંદ કરીને મોકલાવી છે. તમારા દ્વારા, તમને નિમિત્ત કરીને શ્રી હરિ માની ઈચ્છાનો, માની જરૂરિયાતનો જવાબ આપી રહ્યા છે.

સર્વત્ર શ્રીહરિનો દિવ્ય, અલૌકિક, પવિત્ર વ્યાપાર ચાલી રહ્યો છે. માને સર્વપ્રકારે સંભાળવાનું શ્રી હરિનું વ્રત છે. વ્રતપાલનમાં શ્રી હરિ સર્વોત્તમ કુશળતા ધરાવે છે.

ધર્માના નામે શ્રી રૂક્ષ્મણીબેનને એજ પ્રેરણા કરે, એ જ યાદ કરાવે, એ જ વસ્તુ પસંદ કરે, એ જ મા પાસે લાવવાની શક્તિ ધરે ને એ જ એના શ્રી ચરણે અર્પણ કરાવે.

એ–શ્રીહરિની એ લીલા છે. તેને સમજવાની, વધાવવાની, સ્મરવાની છે. મન આપણું એની લીલામાં સતત રમતું રાખવાનું છે.

અરે, બેન ઉપાસનાનો જન્મદિન હતો, તો ભાઈ રાજુ એક નાનકડો પંખો મા માટે લાવે છે. એ પંખામાં પાંખ નથી. ગોળાકાર રીંગમાંથી ઠંડી હવા વહી શકે તેવો નવી

ટેકનોલોજીનો એ છે.

ભાઈ રાજુ એવું નવું નવું શોધી લાવે જે ઉપયોગી હોય છે. સત્સંગ સમયે, પ્રણામમાં માની બેઠક પરસેવે રેબઝેબ કરે તેવી હોય છે.

શ્રી હરિને એવું ના ગમે. માને સર્વપ્રકારે સુવિધા ધરવા ભાઈ રાજુને જગાડે.

ઉઠો, કંઈક નવું, ઉપયોગી શોધો અને અમારા—આપણા—અરે, સૌનાં આ મા છે તેમને માટે કંઈક પ્રસાદ લઈ જાવ.

તો ભાઈ રાજુ—ઉપાસના ઉઠે, જાગે, ચાલે, શોધે, ખરીદે ને મા પાસે લાવે.

પૂ.શ્રીને અર્પણ કરે, પણ પાછું માને તે ઉપયોગી છે. એવું મનાવીને સ્વીકાર કરાવડાવે.

આ બધી જ પ્રવૃત્તિ શ્રીહરિની છે. જે રાજુ—ઉપાસનાને જગાડે તે જ શ્રી હરિ માને પણ એ વસ્તુ લેવા તૈયાર કરે.

જોકે શ્રી હરિ પાછા એટલા જ જાગ્રત છે કે કોઈપણ ભેટ મફત ના સ્વીકારવા દે. મા પાસે તેની રકમ અપાવી જ દે. એવી શ્રી લક્ષ્મી પણ મા ને શ્રી હરિ જ મોકલાવે કે જેમાંથી મા સ્વમાન સાથે જીવી શકે. કોઈના ઉપર ભારરૂપ ના બને.

કેવી સરસ સ્વમાનભેર જીંદગી શ્રીહરિ જગાડી રહ્યા છે. માને મા માટે જ જાણે સતત અચરજ—આશ્ચર્ય લાગ્યા કરે છે. મા જાણે માને જ જોયાં કરે છે. માને જ માણ્યાં કરે છે. જાણે મા એટલે જ શ્રી હરિની કૃપાનું હરતું—ફરતું સ્મારક. હા. શ્રી હરિ અહીં માના જીવનમંચે સર્વશ્રેષ્ઠ અભિનય કરતા કરતા પ્રકાશિત થઈ રહ્યા છે. કોઈક એકાદ જીવનમંચ પસંદ કરે ને તેના શ્રેષ્ઠ



અભિનેતા બનીને ત્રિલોકને ઝળહળતું કરે એવા અલૌકિક નાટક શ્રી હરિ જ ભજવવા માંડે ત્યારે જગતના બે આંખવાળા સૌ ઉઘાડી આંખે જોઈ લે. ક્ષણિક વધાવી લે. ને પાછા તેને વિસ્મૃત કરતાં ખંખેરી પણ કાઢે. એ જગતની કરૂણતા છે.

શ્રી હરિનો સર્વત્ર મઘમઘાટ—સર્વત્ર હેતભર્યો હસ્તક્ષેપ—સર્વસંબંધોના વિસ્તાર કે વિરામમાં શ્રી હરિના હસ્તાક્ષર.

હા, એ—શ્રી હરિ માની પ્રદક્ષિણા કરી રહ્યા છે. માના મન અંતરે તો એનો જ મુકામ છે. અરે, એ—શ્રી હરિ માને પૂછવા પણ નથી રહ્યા કે હે મા તમારા જીવનમંચનો હું ઉપયોગ કરું કે? શું ભાડું લેશો? કેટલો સમય મંચ જોઈએ છે?

કશું જ નહીં એટલે લાગે છે કે શ્રી હરિએ એ મંચ પોતાનો જ માન્યો છે પોતાની માલિકીનો મંચ હોય ત્યાં પૂછવાનું, કહેવાનું, જાણ કરવાનું ના હોય. સહજરીતે કબજો લઈ જ લે ને જ્યાં, જેવો, જેટલો ઉપયોગ કરવો હોય તેટલો કરવા માંડે.

એવું જ લાગે છે. શ્રી હરિની જ આ સંપત છે એના ઉપર શ્રી હરિનો જ સંપૂર્ણ હક છે. એ સંપત્તિ શ્રી હરિના પરિશ્રમની પ્રસાદી છે. એટલે જ શ્રી હરિ જ હક કરે તે સ્વાભાવિક છે.

તો હવે મા પણ પ્રાર્થના કરે. જેવી શ્રી હરિની ઇચ્છા. ન ઈદમ્ મમ માએ જીવનમંચ માટે યાદ રાખશે ન ઈદમ્ મમ.

શ્રી હરિ સઘળું તારું જ છે. તો પછી મા પોતની ગણાતી સર્વ સંપત સોંપીને સર્વકાળે નિશ્ચિત બનીને મોજ જ કરે ને! એમાં ક્યાં નવાઈ છે, હરિના બનવામાં મોજ ઘણી તે સર્વેશ્વરીએ માણી ઘણી. હે હરિ પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ. (ક્રમશઃ)

# ચુપ સાધના—પ્રશ્નોત્તરી

**—સ્વામી રામસુખદાસજી**

એક પરમાત્મતત્ત્વ બધી જગ્યાએ નક્કર રીતે પરિપૂર્ણ છે આમાં સ્થિત થઈને—ચુપ થઈ જાઓ. આમાં મન નથી લગાડવાનું. આ ચુપ—સાધન બહુ જ ઉત્તમ છે, પણ ઊંઘ, આળસ આવી જાય, ચિંતન થઈ જાય તો ઠીક નથી. આ સાધન જો હાથ લાગી જાય તો સમજી લો કે ભાગ્ય ખુલી ગયું. એક દિવસમાં વિલક્ષણતા થઈ જશે. આને શેઠજી (શ્રીજયદયાલજી ગોયંદકા) 'અચિંત્યનું ધ્યાન' અને સ્વામી શ્રીશરણાનંદજી 'મૂક સત્સંગ' કહે છે.

ચુપ—સાધનની પૂર્વે સંકલ્પવિકલ્પ મટાડવા માટે, મનને શાંત કરવા માટે બે સ્થૂળ ક્રિયાઓ છે.

(૧) થોડીવાર માટે વારંવાર પલટોને પટપટાવો અર્થાત્ આંખોને વારંવાર ખોલો અને બંધ કરો.

(૨) રેચક કરીને બાહ્ય કુંભક કરો અર્થાત્ શ્વાસને ત્રણ—ચાર વખત જોરથી બહાર કાઢીને પછી શ્વાસને બહાર જ રોકી દો. થોડીવાર આમ રહીને પછી ધીરેધીરે શ્વાસ લેવાનું શરૂ કરો.

આ ઉપાયોથી જ્યારે મન શાંત થઈ જાય, ત્યારે એમ નિશ્ચય કરો કે દસે દિશાઓમાં, બધી જગ્યાએ એક પરમાત્મા જ 'છે' (સત્તા)—રૂપથી પરિપૂર્ણ છે, અને તે આપણા છે. પછી આ નિશ્ચયને પણ છોડીને બહાર—અંદરથી ચુપ થઈ જાઓ.

**પ્રશ્ન :** ચુપ, શાંત ન થઈ શકવાનું કારણ શું છે?



**સ્વામીજી :** કારણ છે—મૂર્ખતા. કરવાથી થશે એમ માનવું મૂર્ખતા છે. વાસ્તવમાં શાંત થવામાં કોઈપણ અસમર્થ છે જ નહીં.

શાંત થવાથી જ વિકાસ થાય છે. શાંત નહીં થઈએ તો વિકાસ નહીં થાય, હ્રાસ થશે. કારણ કે સંસાર નિરંતર પરિવર્તનશીલ છે. આમાં કાંઈ પણ સ્થિર નથી. આથી જો વિકાસ નહીં થાય તો હ્રાસ થશે; કારણ કે વિકાસ ન થવાથી તે પોતાની જગ્યાએ સ્થિર તો રહેશે નહીં!

સંસારનું કામ 'કરવું' એ છે. પરમાત્માનું કામ 'ન કરવું' એ છે. 'ન કરવું' એ તત્ત્વજ્ઞાન છે, અને 'કરવું' એ મૂર્ખતા છે. આથી મનવાણીથી ચુપ થઈ જાઓ. પછી બધું ઠીક થઈ જશે.

**પ્રશ્ન :** ચુપ થઈ જવાથી શું કારણશરીર સાથે સંબંધ રહે છે?

**સ્વામીજી :** હું શાંત રહું—એવો ભાવ થવાથી કારણશરીર સાથે સંબંધ રહે છે. આ ભાવ ન રહે તો કારણશરીરનો સંબંધ છૂટી જશે. પરમાત્મતત્ત્વ સ્વાભાવિક છે, તેમાં કારણશરીર અથવા વ્યક્તિ નથી. હું શાંત છું—આ ભાવમાં કારણશરીર છે.

એક 'સાધન વિશ્રામ' છે, જે પરિશ્રમના સંદર્ભમાં છે. તેમને માટે કહ્યું છે કે ચાલતાંફરતાં શાંત થવાનો સ્વભાવ બનાવો. એક 'સાધ્ય વિશ્રામ' છે, જે સંદર્ભરહિત છે. તેને માટે ગોસ્વામીજીએ કહ્યું છે, '**पायो परम बिश्रामु**' (માનસ, ઉત્તર. ૧૩. છં.)

**પ્રશ્ન :** એક સાધકને ચુપ થતાંવેંત ભય લાગે છે. આનું કારણ શું? જો ભય લાગે તો સાધકે શું કરવું જોઈએ?

**સ્વામીજી :** આપણી પાસે કાંઈક છે—એવું માનવાથી જ ભય

લાગે છે. ભયનુ કારણ શરીર પ્રત્યે રાગ છે કે ક્યાંક શરીર છૂટી ન જાય! પરંતુ સાધકે ભયને મહત્ત્વ આપવું જોઈએ નહીં. કારણ કે અભય તો હંમેશાં રહે છે, પણ ભય આગંતુક છે. એટલું જ નહીં, અભય દ્વારા જ ભયની પ્રતીતિ થાય છે. વાસ્તવમાં ભય આવતો નથી, ઊલટાનો મટે છે. ભયને સમયે અભય થવું અથવા ભયની પહેલાં રાગ દૂર કરવો આટલું સાધકે કરવું જોઈએ.

**પ્રશ્ન :** ચુપ—સાધનમાં મને શાંતિ મળે છે, પણ આપ કહો છો કે શાંતિનો પણ ભોગ કરવો જોઈએ નહીં. શાંતિ તો મળે છે, પણ તેનો ભોગ કરવો જોઈએ નહીં—આનું તાત્પર્ય શું છે?

**સ્વામીજી : પારમાર્થિક માર્ગમાં જો કોઈ વિઘ્ન આવે તો તે સુખભોગમાંથી જ આવે છે.** માર્ગમાં જ સુખ ભોગવશો તો સિદ્ધિ કેવી રીતે મળશે? જ્યાં આપ સુખ ભોગવશો, ત્યાં અટકી જશો.

શાંતિ આરંભમાં છે, જે કર્મયોગનું ખાસ ફળ છે. સંસારના સંબંધથી અશાંતિ થાય છે, પણ સંસારના સંબંધના ત્યાગથી શાંતિ મળે છે. શાંતિમાં સાંસારિક સુખ કરતાં વિલક્ષણ સુખ મળે છે. જો સાધક શાંતિનું સુખ ભોગવશે તો ત્યાં જ અટકી જશે. આમાં એક વાત ચોક્કસ છે કે થોડો સમય અટક્યા પછી આપ આપોઆપ આગળ ચાલશો. શાંતિ તરફ આપની સ્વતઃ અરુચિ થઈ જશે. પરંતુ આમાં સમય લાગશે. આનાથી આગળ સ્વરૂપમાં સ્થિતિ થાય ત્યારે અખંડ આનંદ મળે છે. જો અખંડ આનંદનું સુખ લેશો તો આગળ ભક્તિ (પરમાત્મપ્રાપ્તિ)નો અનંત આનંદ નહીં મળે. અખંડ આનંદની પણ ઉપેક્ષા કરશો, ત્યારે ભક્તિનો રસ મળશે. તાત્પર્ય એ છે કે કર્મયોગ, જ્ઞાનયોગ



વગેરે બધામાં સુખભોગ બાધક છે. સાધક જ્યાં સુખ લે છે, ત્યાં અટકી જાય છે.

**પ્રશ્ન :** સ્વતઃ જે આનંદ આવે છે, તેનું શું કરવું?

**સ્વામીજી :** તેની ઉપેક્ષા કરવી જોઈએ. તેમાં અસંતોષ રાખો કે આટલું જ નહીં, વિશેષ થવું જોઈએ. આપોઆપ કર્મયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ વગેરેથી સુખ થશે, પણ એનાથી સંતોષ ન માનવો અને તેને મટાડવાનું પણ નથી. તેમાં અટકવાનું નથી, આગળ ને આગળ વધવાનું છે. તે સુખ ત્યાજ્ય પણ નથી અને ગ્રાહ્ય પણ નથી, પરંતુ ઉપેક્ષા કરવા યોગ્ય છે. પરંતુ સંસારનું સુખ ત્યાજ્ય છે. કારણ કે સાંસારિક સુખ એ દુઃખનું મૂળ હોવાથી દુઃખ દેશે, પણ સાધનજન્ય સુખ દુઃખ નહીં આપે, ઊલટાનું અટકાવશે. સુખ મળવું જોઈએ, પણ તેનો સંગ રહેવો જોઈએ નહીં. જ્ઞાન થવું જોઈએ, પણ તેનો સંગ રહેવો જોઈએ નહીં. સુખ અને જ્ઞાનનો સંગ જ બાંધે છે—**'सुखसग्डेन बध्नाति ज्ञानसग्डेन चानघ'** (ગીતા ૧૪/૬).

જ્યાં સુધી જડતાની સાથેનો સંબંધ—વિચ્છેદ થતો નથી, ત્યાં સુધી, પરમાત્મામાં તલ્લીનતાથી મળતું સુખ પણ બાધક છે, સાધકની ઊંચામાં ઊંચી અવસ્થા હોય તો પણ બંધન રહેશે. **સાધકમાત્રે આ વાત યાદ રાખવી જોઈએ કે કોઈની પણ સાથે સંબંધ જોડવાનો નથી. જો તે પોતાનું કલ્યાણ ઈચ્છતો હોય તો કોઈની પણ સાથે જરા પણ સંબંધ ન જોડે. વાસ્તવમાં ન સંસાર બાધક છે. ન માયા બાધક છે, ન અવિદ્યા બાધક છે, પરંતુ સંબંધ જ બાધક છે.** કોઈની પણ સાથે સંબંધ જોડવાથી આપણું પતન થાય છે. આમાં શંકા નથી.

# શ્રી રસેશ્વરી

—શ્રી યોગેશ્વરજી

કૃષ્ણે પણ એને પોતાની સાથે આવવા સમજાવી પણ એ ના માની. એણે ભીની આંખે જણાવ્યું :

'તું મારી ચિંતા ના કરીશ.'

'ચિંતા ના કરું પણ વિચારણા તો કરું ને? તેં તો મને જીવન આપ્યું છે એટલે એટલી મારી ફરજ છે. તું દ્વારકા આવે તો મને પણ શાંતિ રહે.'

'શાંતિ તો તારે માટે સહજ છે, પણ મારે માટે અહીં રહેવું જ બરાબર છે.'

રુકિમણીનું હૃદય હાલી ઊઠ્યું. રાગમય બની ગયું.

વૃંદાવનની પુણ્યસલિલા યમુનાતટવર્તી પવિત્ર ભૂમિમાં કૃષ્ણે રુકિમણી, રાધા અને સુપ્રિયા સાથે ફરીને પોતાની પહેલાંની સ્મૃતિઓને તાજી કરી.

એ સ્મૃતિઓએ એમના ને સૌના આત્માને સંવેદનશીલ બનાવી દીધા.

આખરે વૃંદાવનની વિદાયનો વખત પણ આવી પહોંચ્યો.

જે કાળદેવતાએ સૌને ભેગાં કરેલાં તે જ કાળદેવતાએ એમના વિયોગની ભૂમિકાનું નિર્માણ કર્યું.

નેત્રો ભીનાં થયાં ને કંઠ ગદ્ગદ બન્યા.

રાધાએ કહ્યું :

'હવે મળી શકાશે કે કેમ ને મળી શકાશે તો ક્યારે એ વિશે કશું જ ચોક્કસ ના કહેવાય.'



'એટલે? તું કાંઇ એટલી જલદી સમાધિ લેવાની કે શાંત થવાની છે?' કૃષ્ણે પૂછ્યું.

'એ તો શી ખબર પડે?'

'હું તો ઇચ્છું છું કે તું શતાયુ થાય.' રુકિમણી બોલી.

'એ તો વિધિના હાથની વાત છે.'

'તોપણ એટલું ચોક્કસ છે.' કૃષ્ણે કહ્યું; 'કે સંસારમાં તું શતાયુ કે સહસ્રાયુ નહીં પરંતુ અનંતાયુ થઇને માનવમનમાં જીવતી રહેશે. દેશ કે કાળ તને કશી જ અસર નહીં કરી શકે. સંસારની આગળ રાખેલો તારા શુદ્ધ સ્નેહનો આદર્શ કદાપિ નહીં મરે. કલ્પો લગી કાયમ રહીને એ પોતાની પ્રેરણા પ્રદાન કરશે ને મનુકુળને પ્રકાશ ધરશે. તું અમર બનવા જ સરજાયલી છે.'

રાધા ધીમેથી બોલી :

'બીજે ક્યાંય અમર રહું કે ના રહું તેની પરવા નથી : તારા મનમંદિરમાં અમર રહું એટલું જ ઇચ્છું છું. એમાં જ મારી સંતૃપ્તિ છે.'

'ત્યાં તો તું અમર છે જ. તારું સ્થાન સનાતન છે.'

'બસ ત્યારે. એમાં મારા જીવનની કૃતાર્થતા માનીશ.'

રાધા સુપ્રિયા સાથે લાંબા અંતર સુધી કૃષ્ણની પાછળ ગઇ.

છૂટા પડતી વખતે એનું અંતર વલોવાઇ ગયું.

સુપ્રિયાનું અંતર પણ અત્યંત સંવેદનશીલ બની રહ્યું.

પાછા ફરતી વખતે એણે સુપ્રિયાને કહ્યું :

'કોણ જાણે કેમ પણ મને લાગે છે કે હવે કૃષ્ણને ફરીવાર નહીં મળી શકાય.'

'કારણ?'

'કારણની ખબર નથી પરંતુ મારું અંતર એવું જ કહી રહ્યું છે.'

'તો પછી?'

'તો પછી બીજું શું? મારા હૃદયમંદિરમાં મઢાયલી એની મધુમય મુખાકૃતિ ત્યાંથી થોડી જ દૂર થવાની? ત્યાં એનું દિનરાત દર્શન કર્યા કરીશ. એ દેવદુર્લભ દર્શન મને આનંદ આપશે. સંસારમાં કશું જ સનાતન કયાં છે? જે આવે છે તે જાય છે ને મળે છે તે છૂટું પડે છે. સંસારનો ક્રમ જ એવો છે.'

સુપ્રિયા બોલી :

'કૃષ્ણના વિયોગથી વ્યથિત થયેલું વૃંદાવન તારા સંયોગથી સુખાનુભવ કરી રહ્યું છે. કૃષ્ણની સાથે તું પણ દ્વારકા ગઇ હોત તો વૃંદાવન વૃંદાવન ના રહેત; નીરસ બની જાત.'

'પણ હું વૃંદાવન છોડું જ શા માટે? વૃંદાવન તો મારું જીવન છે. મને ખૂબ જ પ્રિય છે.'

'કૃષ્ણ કરતાં પણ વધારે પ્રિય?'

'એ પ્રશ્ન જ નથી. વૃંદાવનમાં કણકણમાં કૃષ્ણ છે. એ બંને ઓતપ્રોત છે.'

**કૃષ્ણનું લીલાસંવરણ**

કૃષ્ણના અસાધારણ ઘટનાચક્રથી ભરેલા જીવનમાં એ પછી એમના જીવનની ઉત્તરાવસ્થામાં જે ઘટના બની તે અત્યંત વિલક્ષણ હતી.

એની અસર એમના ને સમગ્ર રાષ્ટ્રના જીવન પર ઘણી પ્રબળ પડી.



સમાજના તત્કાલીન ઈતિહાસમાં એણે ક્રાંતિ કરી ને સર્વકાલીન ઈતિહાસને માટે મહત્ત્વની બની.

એ શકવર્તી ઘટના મહાભારતના યુદ્ધની હતી.

મહાભારતના એ મહાભયંકર યુદ્ધમાં એમણે ન્યાય, નીતિ, ધર્મ તથા સત્યના પક્ષે ઊભા રહીને પાંડવોને પ્રોત્સાહન પૂરું પાડ્યું અને એથી પણ આગળ વધીને પોતાની સહાનુભૂતિ ને પ્રીતિના પ્રદર્શન તરીકે, અર્જુનનું સારથિપણું સ્વીકાર્યું.

એ અર્જુનના રથના જ નહીં, સમસ્ત જીવનના સારથિ થયા.

અર્જુનના અજ્ઞાનજનિત અંધકારનો અંત આણવા એમણે અનંત કાળને માટે માનવપ્રાણનું પથપ્રદર્શન કરવાની પર્યાપ્ત ક્ષમતાવાળાં પ્રકાશનાં રશ્મિ રેલ્યાં.

એ પહેલાં યુદ્ધને અનિવાર્ય બનતું અટકાવવા પર્યાપ્ત પ્રયત્નો કર્યા.

એ પ્રયત્નો નિરર્થક ઠર્યા ત્યારે એમણે ન્યાયને માટે લડી લેવાની પાંડવોને પ્રેરણા આપી.

**(ક્રમશઃ)**

**★ ખાસ નોંધ ★**

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણભાઇના ૯૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે તેમના ગામ બ્રહ્મપુરી (ઇડર પાસે) સાધકો સાથે પધારી તેમને ઉપકૃત કર્યા તેને અહેવાલ પૂ. મા કલમે આલેખાયેલ—જાન્યુ. ૨૦૧૫ ના અંકમાં રજુ કરીશું સ્થળ સંકોચના કારણે તેને ડીસેમ્બરના અંકમાં સમાવી શકાયેલ નથી તો વાચકો ક્ષમા કરે. **—તંત્રી**